### કુલ રૂપિયા ૯૯,૪૦૦ની કિંમતની ૮૯૯ દારૂની બોટલ કબ્જે કરી

## ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરાફેરી કરતી ૧૪ મહિલાઓની ધરપકડ કરી

### પોલીસ તપાસ મુજબ મહિલાઓ પોતાના સામાનમાં દારૂની બોટલનો જથ્થો ભરીને અમદાવાદ લાવતી હતી

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દારૂની હેરાફેરી કરતી ૧૪ મહિલાઓની ધરપકડ કરી મોટી કાર્યવાહી કરી છે. મહિલાઓ રાજસ્થાનથી અમદાવાદ દારૂની ખાનગી બસમાં હેરાફેરી કરતી હતી.

પોલીસ તપાસ મુજબ મહિલાઓ પોતાના સામાનમાં દારૂની બોટલનો જથ્થો ભરીને અમદાવાદ લાવતી હતી અને અહીંયા ઊંચી કિંમત દારૂનું વેચાણ કરતી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. ક્રાઈમ બ્રન્ચે ૧૪ મહિલાઓ પાસેથી કુલ રૂપિયા ૯૯,૪૦૦ની કિંમતની ૮૯૯ દારૂની બોટલ કબ્જે કરી તેમની વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

અગાઉ વડોદરામાં ક્રાઈમ બ્રાન્ચે બૂટલેગરોનો સપાટો બોલાવ્યો હતો. નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર રાત્રે પ ેટ્રોલિંગ દરમિયાન કરજણ પોલીસ મથકની હદમાંથી દારૂનું એક કન્ટેનર અને વરણામાં પોલીસ મથકની હદમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે શંકાના આધારે ઝડપી પાડવામાં આવ્યું છે. વાહન ચેકિંગ દરમિયાન દારૂનો જથ્થો ભરી આપનાર આરોપી અનિલ અને દારૂનો જથ્થો મંગાવનારને વોન્ટેડ જાહેર કર્યા છે તેમજ તેઓની શોધખોળ હાથ ધરી છે.




આ ઘટના અંગે કરજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ૪ કન્ટેનરમાંથી ૨૧૨૩ દારૂની બોટલો અને બિયરની પેટીઓ સાથે ૪ કન્ટેનરના ચાલક અને એકની ધરપકડ કરાઈ છે.

ચોટીલાથી રાજકોટ તરફ આવતા હાઈલવે પર હોર્ન ઓકે હોટેલ સામે મલીયાસણ ગામ પાસે ટ્રકમાં દારૂનો જથ્થો હોવાની માહિતી જીસ્ઝ ના અધિકારીઓને મળી હતી. જેને આધારે પોલીસે ટ્રકમાં તપાસ કરતા અંદરથી રૂ.૪૭,૮૪,૬૩૦ નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જેમાં ૧૨,૫૯૮ દારૂની બોટલો અને ટીન હતા. પોલીસે દારૂનો જથ્થો, ટ્રક, મોબાઈલ અને રૂ.૧,૮૭૦ રોકડા મળીને કુલ રૂ. ૭૨,૯૧,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ કેસમાં ટ્રકના ડ્રાઈવર ભાવેશ એન.મોરીની ધરપકડ કરી હતી. જ્યારે મુખ્ય આરોપી અને દારૂનો જજ્ઝો મોકલનારા સહિત પાંચ ફરાર શખ્સોની શોધ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ કુવાવડા રોડ પોલીસ કરી રહી છે.

## આણંદમાં એકના ડબલ આપવાની લાલચ આપી ૧.૩૦ કરોડ ઠગાઇ

| આણંદ, તા.૭ |

આણંદમાં એકના ડબલ આપવાની લાલચ આપી ઠગાઈનો મામલો સામે આવ્યો છે. જેમાં લુણાવાડાના એનઆરઆઈને વિદ્યાનગરના શખ્સે ૧.૩૦ કરોડનો ચુનો લગાવ્યો હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં એનઆરઆઈ અવાર-નવાર બાકરોલ આવતા ઠગ સાથે મુલાકાત થઈ હોવાનું જણાયું હતું. વિદ્યાનગરના આ ઠગે પોતાની ઓળખ અવિવાહિત સાધક તરીકે આપી હતી.એનઆરઆઈને વિશ્વાસમાં લઈ ઓળખાણ બાદ ઊંચું વળતર અને એકના ડબલની લાલચ આપી હતી. તપાસમાં મિલન ઉર્ફે નિશ્ચિત મનુભાઈ પટેલ નામના શખ્સે એનઆરઆઈને ચુનો લગાવ્યો હોવાનું બહાર આવ્યું છે. જેમાં લુણાવાડાના એનઆરઆઈ કલ્પેશ પ ટેલે ૧.૩૦ કરોડ રોકાણ માટે આપ્યા હતા.

## મહીસાગરમાં ૮ વર્ષના બાળકનું કૂતરૂં કરડવાથી મોત નિપજયું

| મહીસાગર, તા.૭ |

મહીસાગરના ખાનપુર તાલુકામાં ધોરણ ૩ માં અભ્યાસ કરતા ૮ વર્ષીય પિયુષ હરીશભાઈ મછારનું કૂતરા કરડવાથી સારવાર દરમિયાન મૃ ત્યુ થયું છે. દીકરાને સારવાર માટે ૫ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યો છતાં તેને બચાવી શકાયો નહીં. માહિતી મુજબ આ કૂતરાએ અન્ય ૧૪ લોકોને પણ કરડ્યું હતું. મૃતકના પિતા ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તેના કાકાએ જણાવ્યું કે, લગભગ ૨૦ થી ૨૨ દિવસ પ હેલા શાળાએ જતી વખતે પિયુષ પર એક કૂતરાએ હુમલો કર્યો હતો. જેમાં તેને માથા અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી.પિયુષ ઘાયલ થતાં તેને સારવાર માટે ખાનપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા, પરંતુ ત્યાં રસી ઉપલબ્ધ ન હતી. તેથી તેને પહેલા બાકોર સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પછી લુણાવાડા સિવિલ હોસ્પિટલ અને અંતે ગોધરા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પિયુષને રસી અને સારવાર આપવામાં આવી હતી.

## જામનગરના ગોરધનપર ગામમાં ૧૦ લાખથી વધુનો વિદેશી દારૂ જપ્ત

| જામનગર, તા.૭ |


જામનગર નજીક ગોરધન પર ગામમાં એક રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો માતબર જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ મોડી રાત્રે દરોડો પાડી ૪૫૬ નંગ વિદેશી દારૂની બાટલી અને વાહન સહિત રૂપિ યા ૧૦.૩૨ લાખના મુદ્દામાલ સાથે મકાનમાલિક અને વાહન ચાલક સહિત બેને અટકાયતમાં લીધા છે, જ્યારે જામનગરના દારૂના સપ્લાયર નું નામ ખુલ્યું છે.આ દરોડાની વિગત એવી છે કે જામનગર તાલુકાના ગોરધનપર ગામમાં રહેતો બાદલ બીજલભાઇ પરમાર નામનો દેવીપુજક શખ્સ દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે, અને જામનગર થી એક મહેન્દ્ર પીકપ વેનમાં દારૂનો જથ્થો મંગાવીને પોતાના મકાનમાં ઉતારી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે મોડી રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન વાહનમાંથી વિદેશી દારૂની બાટલીનો જથ્થો ઉતારી રહેલા બે શખ્સો નજરે પડ્યા હતા. આથી પોલીસે મકાન માલિક બાદલ બીજલભાઇ પરમાર તેમજ વાહન ના ચાલક રવિ સુનિલભાઈ મકવાણા નામના બે શખ્સોની અટકાયત કરી લીધી છે, જ્યારે તેઓ પાસેથી ૪૫૬ નંગ ઇંગ્લિશ દારૂની બાટલી નો જથ્થો, વાહન અને મોબાઈલ સહિત ૧૦૩૨૪૩૨ ની માલમતા કબજે કરી છે.

### થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપાદન મામલે નવા જંત્રી ભાવ મુજબ વળતરની માગ ખેડૂતોએ કરી

## બનાસકાંઠામાં જમીન સંપાદન મુદ્દે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ

| પાલનપુર, તા.૭ |

બનાસકાંઠામાં જમીન સંપ ાદન મુદ્દે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપ ાદન મામલે નવા જંત્રી ભાવ મુજબ વળતરની માગ ખેડૂતોએ કરી છે તેમજ યોગ્ય વળતર નહીં મળે તો ખેડૂતોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.બનાસકાંઠા જીલ્લામાં જમીન સંપ ાદન મુદ્દે ખેડૂતોએ આંદોલનની બાંગ પોકારી છે. થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપાદન મામલે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપ ત્ર આપ્યું છે. સંપાદન થયેલ જમીનના યોગ્ય વળતર માટે ખેડૂતોએ માગ કરી છે. બજાર ભાવ મુજબ જમીનના વળતર માટે ખેડૂતોએ માગ કરી છે.



નવા જંત્રી ભાવ મુજબ વળતરની માંગ સાથે આવેદન અપાયું છે.જો સંપ ાદિત થયેલી જમીનનું યોગ્ય વળતર નહીં મળે તો ખેડૂતો દ્વારા આંદોલન કરવામાં આવશે. વજેગઢ, નાની-મોટી પાવડ, મલુપુર ગામના ખેડૂતોએ અધિકારીને આવેદન આપી વિરોધ નોંધાવ્યો છે.ખેડૂતોનું કહેવું છે કે સરકાર અમારી માગ પૂરી નહીં કરે તો આંદોલન કરવું પડશે. જૂની જંત્રીની કિંમત અંદાજે ૧૫ થી ૫૦ રૂપિયા છે. જો સરકાર નવી જંત્રી પ્રમાણે વળતર ચૂકવે તો ખેડૂતોને લાભ થઈ શકે છે. દિયોદર, લાખણીની ૧૪ જમીનો સંપાદિત થવાનું જાણવા મળ્યું છે, ખેડૂતોની માગણી છે કે કિંમતી જમીનની જંત્રી જો નવા ભાવ પ્રમાણે મળે તો તેમને ઘણો ફાયદો થઈ શકે છે. બનાસકાંઠામાં જમીન સંપ ાદન મુદ્દે ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. થરાદ-અમદાવાદ એક્સપ્રેસ-વે જમીન સંપ ાદન મામલે નવા જંત્રી ભાવ મુજબ વળતરની માગ ખેડૂતોએ કરી છે.

## જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ લાગતા તંત્ર દોડ્યું

| સુરેન્દ્રનગર, તા.૫ |

જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ માહિતી મળતાં ફાયર તેમજ પ ોલીસતંત્ર દોડયુંજામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ના નવા બિલ્ડિંગમાં આગજની ના બનાવ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે નવા બિલ્ડીંગ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી છે, તેવી માહિતી મળતાં ફાયર બ્રિગેડની ટુકડી ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી, અને માત્ર ૨૦ મિનિટમાં જ આગ બુજાવી દેવાની કામગીરી હાથ ધરી હતી. જેઓની સાથે પોલીસ તંત્ર, હોસ્પિટલના નવા વેલ્ડીંગના સિક્યુરિટીના જવાનો, તથા તબીબો ની ટીમ પણ હાજર રહી હતી. ૨૦ મિનિટના સમગ્ર કવાયત પૂરી થઈ ગયા પછી વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ ને પૂર્ણ જાહેર કરાતાં પોલીસ તેમજ ફાયર ની ટુકડી વગેરે પરત ફરી હતી. જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં આગ માહિતી મળતાં ફાયર તેમજ પોલીસતંત્ર દોડયુંજામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ના નવા બિલ્ડિંગમાં આગજની ના બનાવ અંગેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. સવારે ૧૧ વાગ્યે નવા બિલ્ડીંગ ના ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી છે, તેવી માહિતી મળતાં ફાયર બ્રિગેડની ટુકડી ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

## સુરતમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલો ગુમ થઈ જતા ખળભળાટ મચી ગયો

| સુરત, તા.૭ |

સુરતમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલો ગુમ થઈ જતા ખળભળાટ મચી ગયો છે. જેમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલ ગુમ અંગે હાઈકોર્ટ જસ્ટિસે ચિંતા વ્યક્ત કરી છે. જેને પગલે ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી પહેલા અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. તપ ાસમાં ૨૦૧૯માં એક સાથે ૧૫ જેટલી ફાઈલો ગુમ થઇ હોવાનું બહાર આવ્યું હતું.જેને પગલે હાઇકોર્ટ જસ્ટીસ સંદિપ ભટ્ટે આપ્યા તપાસના આદેશ આપ્યા હતા. તે સિવાય અન્ય જિલ્લામાં આવી ઘટના બની છે કે નહી તે અંગે ણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પાટણમાં કેટલાક કેસોની ફાઈલો ગુમ થયા બાદ આ ઘટના સામે આવી હતી.જોકે જજે પોતાની પાસેની ૧૫ ફાઈલો લઈ ગયા હતા. આ ગુમ થયેલી ૧૫ ફાઈલો પરત મળી આવી હતી,. ૨૦૨૫ના રોજ ચીફ જસ્ટીસ સમક્ષ અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં રજીસ્ટ્રી દ્વારા માહિતી છુપાવાઇ હોવાની દલીલો પણ થઈ હતી. સુરતમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલો ગુમ થઈ જતા ખળભળાટ મચી ગયો છે. જેમાં શહેર કોર્ટમાંથી ૧૫ ફાઈલ ગુમ અંગે હાઈકોર્ટ જસ્ટિસે ચિંતા વ્યક્ત કરી છે. જેને પગલે ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી પહેલા અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.




## સીયારામ ફાઉન્ડેશન દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરીને અનોખી પહેલ કરવામાં આવી

# આણંદના વલાસણ ગામમાં ૫૧ યુગલોની વિના મૂલ્યે ભવ્ય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરાયુ !!!

### નવયુગલોને મહિલા વિશેષજ્ઞ દ્વારા કાઉન્સેલીંગ કરી તેઓને લગ્ન જીવનની સફળતા અંગે સમજ આપવામાં આવી હતી

। આણંદ, તા.૭ ।

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન જીવનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે, તેને સાર્થક કરવા માટે સીયારામ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આણંદ તાલુકાના વલાસણ ગામમાં ૫૧ યુગલોની વિના મૂલ્યે ભવ્ય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજાયેલા લગ્નોત્સવ પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર આણંદના કોઠારી ભગવત ચરણ સ્વામી તેમજ અન્ય સંતો ખાસ ઉપસ્થિત રહીને નવ યુગલોને આશીર્વાદ આપ્યાં હતાં. સીયારામ ફાઉન્ડેશન અમદાવાદના સ્થાપક દિપાલીબેન ઈનામદાર અને વિશાલભાઈ ઈનામદાર સમગ્ર આણંદ વિસ્તાર ૫૧ યુગલોની વિના મૂલ્યે ભવ્ય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન કરાવીને અનોખુ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને ઈનામદાર કુટુંબ ૫૧ દીકરીઓની વિદાય આપવાની વેળાએ ભાવુક બન્યું હતું. આ પ્રસંગે સીયારામ ફાઉન્ડેશનના સ્થાપક દિપાલીબેન ઈનામદારે જણાવ્યું હતું કે, દીકરીએ વ્હાલનો દરિયો છે અને ઈશ્વરનું સ્વરૂપ છે. જે ઘરમાં દીકરીનો જન્મ થાય તે ઘર રિદ્ધિ-સિદ્ધિથી પરિપૂર્ણ હોય છે. ૫૧ દીકરીઓને વિનામૂલ્યે સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું તે પણ




ઈશ્વરીય કૃપા છે. સીયારામ ફાઉન્ડેશન હંમેશા માટે માનવ ઉત્થાન અને રચનાત્મક કાર્યક્રમ કરવા માટે કટિબદ્ધ છે. આવનાર સમયમાં માનવ સમુદાયનું કલ્યાણ થાય તે દિશામાં કામ કરવામાં આવશે. ૫૧ દીકરીએ પ્રભુતાના પગલાં પાડીને પોતાનું દાંપત્ય જીવનની શરૂઆત કરી હતી અને તેઓના સુખાકારી માટે આશિર્વાદ આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે આ પ્રસંગે દીકરીઓને જીવન જરૂરિયાતની તેમજ ઘરવખરીની તમામ ચીજો સીયારામ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આપવામાં આવી હતી. દીપાલીબેન ઈનામદાર દ્વારા જે સંકલ્પ કરવામાં આવ્યો હતો કે, હું મારી દીકરીના લગ્ન ત્યારે કરાવીશ જ્યારે હું ૧૦૧ દિકરીઓનું કન્યાદાન કરાવીશ, જે સંકલ્પ આજે પરિપૂર્ણ થયો.પ્રી વેડીંગ અને પોસ્ટ વેડીંગ કાઉન્સેલીંગ કરવાની અનોખી પહેલ કરવામાં આવી આ સમૂહ લગ્નની એક ખાસ વિશેષતા હતી જેમાં સમુહ લગ્ન પહેલાં નવ યુગલ પોતાનાં લગ્ન જીવનને સફળ બનાવી શકે તે માટે વર કન્યાને પ્રી વેડીંગ અને પોસ્ટ વેડીંગ કરવાની અનોખી પહેલ કરવામાં આવી હતી. નવયુગલોને મહિલા વિશેષજ્ઞ દ્વારા કાઉન્સેલીંગ કરી તેઓને લગ્ન જીવનની સફળતા અંગે સમજ આપવામાં આવી હતી.આ ઉપરાંત નવા વર્ષમાં સંસ્થા દ્વારા નવા અભિગમોમાં આજુબાજુના દરેક ગામડાઓના તળાવોની સાફ-સફાઈ કરી અને સ્વચ્છતા તરફ આગળ વધવા માટેના પણ પ્રયત્નો કરવામાં આવશે. તેમજ અન્ય સામાજિક પ્રવૃત્તિ કરવામાં આવશે.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ કોંગ્રેસ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, વિજાપુરના ધારાસભ્ય સી. જે. ચાવડા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ગુજરાતના જાણીતા કલાકાર જીગ્નેશ કવિરાજે ખાસ હાજરી આપીને લાઈવ પરફોર્મન્સ કરીને ગીતોની રમઝટ બોલાવી હતી. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન જીવનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે, તેને સાર્થક કરવા માટે સીયારામ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આણંદ તાલુકાના વલાસણ ગામમાં ૫૧ યુગલોની વિના મૂલ્યે ભવ્ય સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પાટીદાર નેતાએ ટ્વિટ કરીને સરકારનો આભાર માન્યો

# પાટીદાર આંદોલન વખતે થયેલા કેસ પરત ખેંચવામાં આવ્યા : નેતા દિનેશ બાંભણિયા

। અમદાવાદ, તા.૭ ।

પાટીદાર આંદોલન વખતના કેસો પાછા ખેંચવામાં આવ્યા છે. પાટીદાર અનામત આંદોલન સમયના કેસ પાછા ખેંચવામાં આવ્યા છે તેવી જાહેરાત પાટીદાર આંદોલનના નેતા દિનેશ બામણીયાએ કરી છે. આ પાટીદાર નેતાએ ટ્વિટ કરીને સરકારનો આભાર માન્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પાટીદાર આંદોલન ના મુખ્ય કેસો રાજદ્રોહ સહિત ના ગંભીર કેસ પરત



ખેંચવામાં આવ્યા.જેમાં હાર્દિક .દિનેશ .ચિરાગ.અલ્પેશ સહિત આરોપી બતવામાં આવ્યા હતાસૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પાટીદાર આંદોલન વખતના તમામ કેસો પાછા ખેંચવામાં આવ્યા હોવાનો દિનેશ બાંભણિયાએ દાવો કર્યો છે. આ અંગેની માહિતી આપતી ટ્વિટ દિનેશ બાંભણિયાએ કરી છે. જોકે, ગુજરાત સરકાર દ્વારા આ અંગેની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પાટીદાર નેતા અલ્પેશ કથીરીયાએ આ વિશે જણાવ્યું કે, બે મહિનાથી સરકાર સાથે વાત ચાલી રહી હતી. અમદાવાદના સૌથી વધુ કેસ પરત ખેંચવામાં આવ્યા છે.કાયદા મંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવશે.

## ભાણવડમાં બાઇકમાં જઈ રહેલા ૬૫ વર્ષના બુઝુર્ગનું બાઈક પરથી નીચે પટકાઈ પડતાં અપમૃત્યુ

। દેવભૂમિ દ્વારકા,, તા.૭ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.જે દરમિયાન રસ્તામાં એકાએક બાઈક સ્લીપ થઈ ગયું હતું, જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે હેમરેજ સહિતની ઈજા થઈ હોવાથી બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ ઈશાભાઈ ઓસમાણભાઈ સંધિએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસે હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ધારાગઢ ગામમાં રહેતા અબુભાઈ ઓસમાણભાઈ મુન્દ્રા નામના ૬૫ વર્ષના સંધિ જ્ઞાતિના બુઝુર્ગ કે જેઓ પોતાનું બાઈક લઈને ખંભાળિયા થી લાલપુર તાલુકાના બબરજર ગામ તરફ જઈ રહ્યા હતા.

## સુરતમાં ખુલ્લી ગટરમાં ૨ વર્ષનું બાળક પડ્યું, કલાકો વીતી જવા છતાં નહીં મળતાં પરિજનો ચિંતિત

। સુરત, તા.૭ ।

સુરતના વરિયાવ વિસ્તારમાંથી રૂંવાડા ઊભા કરી દેતી ઘટના સામે આવી છે. શહેરના આ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક ૨ વર્ષનું બાળક ખુલ્લી ગટરમાં પડી ગયું હોવાની માહિતી છે. હજુ સુધી તેની શોધખોળ ચાલી રહી છે. બાળકની ઓળખ કેદાર તરીકે થઈ છે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ અને સ્થાનિકો પણ બચાવ કામગીરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે પાણીના તેજ વહેણને કારણે બાળક ઘણું આગળ સુધી પહોંચી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે બાળકની માતાએ કહ્યું કે અમે રાધિકા પોઈન્ટ નજીકથી જઈ રહ્યા હતા ત્યારે મેનહોલમાં મારું બાળક પડી ગયું. ચીફ ફાયર ઓફિસર વસંત પારેખે કહ્યું કે મેનહોલનું ઢાકણ ભારે વાહન પસાર થવાને કારણે તૂટી ગયું હતું. તેમાં હાલમાં એક ૨ વર્ષનું બાળક પડી ગયું છે. અમે તેની શોધખોળ કરી રહ્યા છે. રેસ્ક્યૂ માટે ૬૦-૭૦ કર્મચારીને તહેનાત કરાયા છે. હાલ કોઈ જાણકારી સામે આવી નથી. સુરતના વરિયાવ વિસ્તારમાંથી રૂંવાડા ઊભા કરી દેતી ઘટના સામે આવી છે. શહેરના આ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક ૨ વર્ષનું બાળક ખુલ્લી ગટરમાં પડી ગયું હોવાની માહિતી છે. હજુ સુધી તેની શોધખોળ ચાલી રહી છે. બાળકની ઓળખ કેદાર તરીકે થઈ છે. સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ અને સ્થાનિકો પણ બચાવ કામગીરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જોકે પાણીના તેજ વહેણને કારણે બાળક ઘણું આગળ સુધી પહોંચી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મામલે બાળકની માતાએ કહ્યું કે અમે રાધિકા પોઈન્ટ નજીકથી જઈ રહ્યા હતા ત્યારે મેનહોલમાં મારું બાળક પડી ગયું. ચીફ ફાયર ઓફિસર વસંત પારેખે કહ્યું કે મેનહોલનું ઢાકણ ભારે વાહન પસાર થવાને કારણે તૂટી ગયું હતું.









## તંત્રી લેખ...

# બજારને ફટકો પડશે

કોરોના કાળ પહેલા રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દેવામાં આવી હતી જેના કારણે વર્તમાન સંજોગોમાં કેટલાક નવા પડકારો અને સમસ્યા સરકાર સામે ઉભી થઈ શકે છે. આના કારણે વેપારીઓને પણ સમસ્યા આવી શકે છે. સાથે સાથે સ્પર્ધા વધવાની સ્થિતીમાં પણ કેટલાક પડકારો આવી શકે છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપી છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીનૂ વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઈને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઈ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઈ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઈની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઈ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારે તે પહેલા સ્વર્ગસ્થ અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઈ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઈ કેમ થઈ ગઈ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીથી માઠી અસરમાંથી લોકો બહાર આવી ચુક્યા છે પરંતુ કોરોનાની મહામારી બાદ રિક્વરી હજુ પણ થઈ શકી નથી. વિશ્વના દેશો આર્થિક રિક્વરીને લઈને ઝઝુમી રહ્યા છે. સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે. વિદેશી કારોબારીઓ છ સાત મહિના સુધી નુકસાન ઉઠાવીને પણ દેશમાં રહેલા નાના કારોબારીઓને ખતમ કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. આ બાબત ભાજપ અને કોંગ્રેસ બન્નેની બને છે કે નાના કારોબારીઓને બચાવી લેવા માટે પ્રયાસ કરવામાં આવે.

## સમય કરતા હૃદય દ્વારા સ્વયંસેવક: સેવાના નવા યુગની ઘોષણાપત્ર




આજના સમયમાં, જ્યાં દરેક ક્ષણનું મૂલ્ય છે, ત્યાં સ્વયંસેવક નું હૃદય એવી નવી ધારણા લાવે છે જે સમયની મર્યાદાઓને પાર કરી જાય છે. આ ઘોષણાપત્ર વિશ્વભરના સ્વયંસેવકોના અદ્વિતીય કાર્યોથી પ્રેરિત છે. "જ્યાં સેવા અને આત્મા એક થાય છે, ત્યાં પરિવર્તનની શરૂઆત થાય છે." સ્વયં સેવક-સેવા એ માત્ર સમય આપવાની બાબત નથી, પણ પ્રેમ અને કરુણાથી ભરેલી દરેક ક્રિયા છે.

"કરુણાનું કાર્ય અંધકારને પ્રકાશિત કરે છે." સ્વયંસેવક સેવા નું મૂળ એ છે કે બીજાની લાગણીઓને સમજવાની અને તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતા માં છે. "અનેક હૃદય, એક સંકલ્પ: બદલાવ લાવવો." આત્મિક સંતોષથી લઈને બીજાની મદદ કરવાના આનંદ સુધી, વિવિધ પ્રેરણાઓ સ્વયંસેવક-સેવા ની ભાવનાને પ્રેરિત કરે છે. "નાના હાથ, વિશાળ અસર." સ્વયંસેવકોની સામૂહિક કોશિશો લોકોના જીવન અને સમુદાયોમાં મોટો ફેરફાર લાવે છે. "કોઈ અડચણ મોટી નથી, કોઈ હૃદય નાનું નથી." સમયની મર્યાદા જેવી ચુનૌતીઓ પણ, જ્યારે મદદ કરવાની ઈચ્છા હોય, તો તેને પાર કરી શકાય છે. "એક વિશ્વ, અનેક સેવાનીઓ." સ્વયંસેવક-સેવાની ભાવના ભૌગોલિક મર્યાદાઓને પણ ઓળંગી જાય છે, અને આ સમપ ણ સંસ્કૃતિઓ અને સીમાઓને પાર કરીને કાર્ય કરે છે.

"ડિજિટલ યુગમાં સીમાઓ વગરની સેવા." ટેકનોલોજીએ કેવી રીતે આપણને ક્યાંયથી પણ, કોઈપણ સમયે સેવા આપવાની તકો આપી છે. "સાથે મળીને, આપ ણે સેવામાં વધુ મજબૂત બનીએ છીએ." સ્વયંસેવક સમુદાયની શક્તિ તેની એકતા અને સાઝા દૃ ષ્ટિકોણમાં છે, જેમ કે બી.એ.પી. એસ.(બોચાસણવાસી શ્રી અક્ષર પ ુરષોતમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા વિશ્વભરના સ્વયંસેવકોનું એક મોટું પરિવાર ઉભું કરવામાં આવ્યું છે. "જુસ્સો અને ઉદ્દેશ્ય દ્વારા પ્રેરિત." લાંબા સમય સુધી સેવા આપવાની ભાવનાને જીવંત રાખવાની કી છે નિરંતર પ્રેરણા અને સેવામાંથી મળતો આનંદ.

**લેખક : ડો. પ્રેરક કે. સોની**



**આજકાલ** | લેખક : દીપક જગતાપ

### તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે

**૭.૮ તીવ્રતાના ભૂકંપના બે આંચકાએ તુર્કી અને સીરિયામાં મોટી તબાહી સર્જી છે. તુર્કી અને સીરિયામાં ભૂકંપને કારણે ૨૮૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તુર્કીમાં આવેલા શક્તિશાળી ભૂકંપના કારણે દેશ ૧૦ ફૂટ ખસી ગયો છે.**

# તુર્કીમાં આટલા ભયાનક ભૂકંપ કેમ આવે છે ?

**૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અત્યાર સુધીમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે તુર્કીમાં અને સીરિયામાં હજારો લોકોના મોતની પુષ્ટિ થઈ છે.**

તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે.૧૯૯૯માં તુર્કીના ડ્યૂઝ પ્રદેશમાં ૭.૪-ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જે દાયકાઓમાં તુર્કીમાં આવેલો સૌથી ભયાનક ભૂકંપ હતો. આ સમય દરમિયાન, ભૂકંપને કારણે દેશભરમાં ૧૭,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા , જેમાં લગભગ ૧,૦૦૦ ઈસ્તાંબુલનો સમાવેશ થાય છે.

**તુર્કીમાં કેમ આવે છે આટલા ભૂકંપ?:-**

તુર્કી ઘણી સક્રિય ફોલ્ટ લાઇન પર સ્થિત છે. તુર્કીમાં સત્તાવાર રીતે ૪૮૫ ફોલ્ટ લાઇન છે. જો કે, છેલ્લા એક દાયકામાં ૧૨૦ થી વધુ નવી ફોલ્ટ લાઇન બનાવવામાં આવી છે. જેના કારણે ભૂકંપની સંખ્યા સતત વધી રહી છે.

સોમવારે તુર્કી, સીરિયા અને લેબેનોનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૮ માપવામાં આવી છે. દક્ષિણપૂર્વ તુર્કી અને સીરિયામાં ભૂકંપથી ભારે નુકસાન થયાના અહેવાલ છે.

તુર્કીના ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર ૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાંથી ૩૩૩થી વધુ ભૂકંપના આંચકાઓની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦થી વધુ હતી. ૨૦૨૦માં તુર્કીમાં ૩૩ હજાર ભૂકંપ આવ્યા હતા. ૨૦૨૧માં આ આંકડો ૨૪ હજારની આસપાસ હતો. જો આપણે બે દાયકા પહેલાની વાત કરીએ તો આ આંકડો હજાર કરતા પણ ઓછો હતો. ૧૯૯૦ થી



૨૦૦૦ સુધી, માત્ર ૧૯૯૯ માં તુર્કીમાં ૨૦૦૦ થી વધુ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા, અન્યથા દરેક વખતે તેની સંખ્યા ૧૦૦૦ થી ઓછી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તુર્કીનો મોટાભાગનો ભાગ એનાટોલીયન ટેકટોનિક પ્લેટ પર સ્થિત છે. આ પ્લેટ યુરેશિયન, અરેબિયન અને આફ્રિકન પ્લેટો વચ્ચે સ્થિત છે. જેમ જેમ આ પ્લેટોમાં દબાણ વધે છે, તે એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટને અસર કરે છે. આમ, તુર્કી વિશ્વના અન્ય ભાગો કરતાં વધુ ભૂકંપનો સામનો કરે છે. તુર્કીમાં સૌથી વિનાશક ફોલ્ટ લાઈનને નોર્થ એનાટોલીયન ફોલ્ટ લાઈન (દ્રછ૭લ્ન) નામ આપવામાં આવ્યું છે. એનાટોલીયન અને યુરેશિયન પ્લેટો આ જગ્યાએ મળે છે. આ જગ્યાને ઈસ્તાંબુલ કહેવામાં આવે છે.

NAF એ સમગ્ર માનવ ઈતિહાસમાં કેટલાક સૌથી ખરાબ ધરતીકંપો પેદા કર્યા છે. ૧૭ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ, મુખ્ય ઉત્તરી એનાટોલીયન ફોલ્ટ લાઈનને કારણે ઈસ્તાંબુલ નજીક ખૂબ જ મજબૂત ધરતીકંપ આવ્યો. જેમાં ૧૭ હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. બરાબર ત્રણ મહિના પછી, ૧૨ નવેમ્બરે, બીજો ભૂકંપ આવ્યો જેમાં ૮૪૫ લોકો મૃત્યુ પામ્યા. ૩ વર્ષ પહેલા જાન્યુઆરી ૨૦૨૦માં પણ તુર્કીમાં ભૂકંપ ના ભયાનક આંચકા અનુભવાયા હતા. આ દરમિયાન તુર્કીમાં ૪૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ઓક્ટોબર ૨૦૨૦માં તુર્કીમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો હતો જેમાં ૧૧૪ લોકોના મોત થયા હતા.

આપણને પ્રશ્ન થાય કેભુકંપ કેમ આવે છે?પૃથ્વીની અંદર મુખ્યત્વે ૭ પ્લેટ હોય છે. આ પ્લેટો ફરતી રહે છે. ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદરની આ પ્લેટોનું અથડામણ છે. જ્યારે આ પ્લેટ્સ કોઈક સમયે અથડાય છે, ત્યારે ત્યાં ફોલ્ટ લાઈન ઝોન રચાય છે અને સપાટીના ખૂણા ફોલ્ડ થાય છે. સપાટીના ખૂણાને લીધે, ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાને કારણે અંદર રહેલી ઉર્જા બહાર આવવાનો રસ્તો શોધી લે છે, જેના કારણે પૃથ્વી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માની લઈએ છીએ.

ચાલો આજે વિશ્વના ૭ સૌથી વિનાશક ધરતીકંપો પર પણ એક નજર કરીએ. જેમાં લાખો લોકો માર્યા ગયા હતા. આ ૭ વિનાશક ભૂકંપોમાંથી એક ભારતમાં પણ આવ્યો હતો.

સૌથી મોટા ભૂકંપ પૈકીનો એક મે ૧૯૬૦ માં બાયો-બાયો, ચિલીમાં નોંધાયો હતો. ૯.૪ અને ૯.૬ની તીવ્રતાનો આ ભૂકંપ લગભગ ૧૦ મિનિટ સુધી જમીનને હચમચાવી રહ્યો હતો. આ ભૂકંપમાં લગભગ ૬૦૦૦ લોકો માર્યા ગયા હતા. તેને અત્યાર સુધીનો સૌથી વધુ તીવ્રતાનો ધરતીકંપ માનવામાં આવે છે. આ ભૂકંપને કારણે લગભગ ૩૦૦ કરોડ ડોલરથી ૭૦૦ કરોડ ડોલરનું નુકસાન થયું હતું.

બીજો ભૂકંપ ગ્રેટ અલાસ્કનમાં ૧૯૬૪માં ગુડ ફ્રાઈડેના દિવસે આવ્યો હતો. ગ્રેટ અલાસ્કન ભૂકંપ ૯.૨ ની તીવ્રતા ધરાવતો હતો અને તે ૫ મિનિટથી થોડો ઓછો ચાલ્યો હતો અને તેને ઉત્તર અમેરિકામાં અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી ભૂકંપ માનવામાં આવે છે. ધ્રુજારીથી માત્ર નવ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ પરિણામે સુનામીને કારણે વિશ્વભરમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ભૂકંપ થી સુનામીના મોજા એન્ટાર્કટિકા પહોંચ્યા અને પેરુ, મેક્સિકો, જાપાન અને ન્યુઝીલેન્ડ તેમજ અન્ય દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ જોવા મળ્યા. વર્ષ ૨૦૦૧ નો ભૂકંપ જેને ભુજ ભૂકંપ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે છેલ્લી બે સદીઓમાં ભારતમાં આવેલો ત્રીજો સૌથી મોટો અને બીજો સૌથી વિનાશક ધરતીકંપ હતો. ભૂકંપમાં ૨૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ સાથે હજારો મકાનો ધરાશાયી થયા અને લાખો લોકો બેઘર બન્યા હતા.



### રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં સામાન્ય લોકોનો સ્પષ્ટ મત

**એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઇ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઇ જાય છે**

# રાજનેતા લોકોને ગેરમાર્ગે દોરે છે

**રાજનેતા સામાન્ય પ્રજાને પોતાની વાતમાં ફસાઇ લે છે : સોશિયલ મિડિયા અને મિડિયાને પણ કેટલાક લોકો દોષિત ગણે છે**

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં દેશના સામાન્ય લોકોનો આજે પણ સ્પષ્ટ અભિપ્રાય એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા કેટલાક સર્વેમાં ઉપયોગી વિગત સપાટી પર આવી છે. આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઈ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઈ જાય છે. ૪૭ ટકા લોકોએ એવો અભિપ્રાય પણ આપ્યો છે કે આ કામ તો મિડિયા દ્વારા કરવામાં આવે છે. ૪૪ ટકા લોકોએ આના માટે સોશિયલ મિડિયા પર પણ પ્રહાર કરવામાં આવ્યા છે. આ લોકો કહે છે કે સોશિયલ મિડિયા મારફતે પણ મોટી સંખ્યામાં લોકો ગેરમાર્ગે દોરાઈ જાય છે. ૨૭ દેશોમાં ૧૯૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમાં સામેલ કરવામાં આવેલા ભારતીય લોકો પૈકી ૭૨ ટકા લોકોએ કહ્યુ છે કે તેઓ સામાન્ય રીતે મિડિયા સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ફેક ન્યુઝને નિહાળે છે. ૫૫ ટકા ભારતીય લોકોએ એમ પણ કહ્યુ છે કે તેઓ



એક ફેક ન્યુજની જાળમાં ફસાઈ ગયા છે. એટલે કે પહેલા તેઓ જે હેવાલને યોગ્ય ગણતા હતા તે હેવાલ ખોટા છે તે અંગે હવે જાણ થઈ છે. આ સર્વેને ભારતીય જનમાનસની વાસ્તવિક બાબત તરીકે ભલે ન ગણવામાં આવે પરંતુ આના કારણે સમાજમાં ઉભરી રહેલા એક પ્રકારના નવા સંકટની તરફ ઈશારો ચોક્કસપણે કરી દીધો છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવાના કારણે કેટલીક સમસ્યા પણ આવી રહી છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવા અને સોશિયલ મિડયા જેવી ટેકનિક આવવાના કારણે સુચનાના અનેક સોર્સ લોકોની સામે આવી ગયા છે. લોકો પાસે વિકલ્પ વધી ગયા છે. પહેલા સુચના એક નિર્ધારિત પ્રકરિયામાંથી થઈને જ આવતી હતી. તેમની પાછળ મર્યાદિત લોકો હતા. જે કાયદા કાનુન સાથે ચાલતા હતા. પરંતુ ટેકનોલોજીના કારણે તમામ બાબતો હવે બદલાઈ ગઈ છે.હવે તો દરેક પ્રકાશક તરીકે છે. ટેકનોલોજીએ આ સુવિધા તમામને આપી દીધી છે. જેથી સુચનાના સોર્સ અસંખ્ય થઈ ગયા છે. સ્વાભાવિક છે કે હવે દરેક વ્યક્તિ પોતાની વાત પોતાની રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. તેમાં કેટલાક લોકો જવાબદાર છે. જવાબદારી હવે વધારે ધ્યાનમાં રાખવામાં આવતી નથી. જેના કારણે સામાન્ય વ્યક્તિ દુવિધામાં પડી જાય છે. તે કોને યોગ્ય ગણે અને કોણે ન ગણે તેને લઈને સમસ્યા સર્જાઇ જાય છે. એક જ સુચના આજે કોઈ એક સમુદાય માટે સારી હોઈ શકે છે તો આ જ સુચના અન્ય સમાજ માટે પ્રતિકુળ હોઈ શકે છે. વિકસિત દેશોના નાગરિકોનો સામનો આ પ્રક્રિયાની સાથે પહેલા થયો છે જ્યારે વિકાસશીલ દેશોના લોકોનો સામનો હવે થઈ રહ્યો છે. વિકસિત દેશોના લોકો પહેલાથી જ સાવધાન થઈ ગયા છે જેથી આ લોકો આ પ્રકારના પ્રવાહમાં ઓછા ફસાય છે. જ્યારે વિકાસશીલ દેશોના લોકો આવા પ્રવાહમાં તરત જ ફસાઈ જાય છે. વિકસિત દેશોમાં રહેતા લોકો પોતાના વિવેકથી યોગ્ય નિર્ણય કરે છે. કઈ ચીજને યોગ્ય રીતે ઉપયોગ કરીને ઉપયોગમાં લાવવામાં આવે તે અંગે નિર્ણય આ લોકો કરે છે. પરંતુ ભારત જેવા વિકાસશીલ દેશ જ્યા શિક્ષણ અને જાગરૂકતાનુ સ્તર એક સમાન નથી ત્યાં લોકો સમાચાર અને અન્ય બાબતોને લઈને અનેક વિકલ્પ વચ્ચે દુવિધામાં ફસાઈ જાય છે. કેટલીક વખત આવા લોકો તથ્યોની તરફ ધ્યાન આપી શકતા નથી. જેથી ખોટી બાબતને યોગ્ય ગણી લે છે. જ્યાં સુધી રાજનીતિની વાત છે આમાં ભારતમાં ગળા કાપ સ્પર્ધા જોવા મળે છે. પહેલા મુદ્દા પર સીધી રીતે વાત થતી હતી પરંતુ હવે તમામ ધ્યાન દાવા અને વચન દેખાવવા પર કેન્દ્રત છે.

### કિડનીના દર્દીઓ માટે કોફી આદર્શ । મોતના જોખમને ઘટાડી દેવામાં કોફી ઉપયોગી સાબિત થાય છે

# જ્યારે પણ ઉંઘ આવે છે અથવા તો થાક લાગે છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએ છીએ : કોફી ઉપરાંત ચા પિવાના પણ ફાયદા છે

જ્યારે પણ અમને ઉંઘ આવે છે અથવા તો થાકનો અનુભવ થાય છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએચીએ. કોફી પિવાના અનેક ફાયદા રહેલા છે. દાખલા તરીકે કોફી પિવાથી હાર્ટ અને દિમાગ સાથે સંબંધિત બિમારી થવાનો ખતરો ઓછો રહે છે. હવે વ્યાપક અભ્યાસ બાદ એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો કિડની સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે તે લોકો જો કોફી પિવે તો તેમને વધારે ફાયદો થાય છે. કિડનીના દર્દીઓમાં મોતના જોખમને પણ તે ઘટાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે કોફી પિવાના કારણે એવા લોકોમાં મોતનો ખતરો ઓછો થઈ જાય છે જે કિડનીની ગંભીર બિમારીથી પરેશાન થયેલા છે. આ અભ્યાસમાં એવા દર્દીની સરખામણી ઓછા પ્રમાણમાં કોફી પિનાર સાથે કરવામાં આવી હતી. અભ્યાસ કરવામાં આવ્યા બાદ જે રિઝલ્ટ આવ્યા તે દર્શાવે છે કે જે વધારે પ્રમાણમાં કોફી પિતા હતા તે દર્દીઓમાં કિડની સંબંધિત બિમારીના કારણે થતા મોતના પ્રમાણમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થઈ ગયો હતો. શોધ કરનાર લોકોના કહેવા મુજબ કોફી કિડની સંબંધિત બિમારીમાં એક સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવે છે. તેના સંભવિત કારણ એ હોઈ શકે છે કે નાઈટ્રિક એસિડની અસર વધારે થાય છે. હકીકતમાં કોફીનાઈટ્રિક એસડ નામના તત્વને રિલિજ કરવામાં મદદ કરે છે. તે તત્વ કિડનીના કામને



સુધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. આ અભ્યાસના મુખ્ય લેખક મિગુલ વિયરાએ કહ્યુ છે કે આ પરિણામથી જાણવા મળે છે કે જે દર્દી કિડનીની ગંભીર બિમારીથી ગ્રસ્ત છે તે દર્દીએ કોફી વધારે પ્રમાણમાં ઉપયોગ કરવી જોઈએ. કારણ કે આના કારણે મૃત્યુ દરમાં ઘટાડો થઈ જાય છે. જર્નલ નેફ્રોલોજી ડાયલિસીસ ટ્રાન્સપ્લાન્ટેશમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ અભ્યાસના યોગ્ય તારણ પર પહોંચવા માટે ૪૮૬૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તેમના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફલેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. હાઈ ફેટ ડાઈટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઈચ્છિત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઈ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે જેથી અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઈપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપે છે. જાપાનમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિક હીરોકી યાજીમાએ કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે. બ્લેક ટી હંમેશા સ્થુળતાને ઘટાડવામાં ઉપયોગી બને છે. ડાઈટના કારણે ચરબી વધારનાર તત્વોને રોકવામાં બ્લેક ટી ભુમિકા અદા કરે છે. દૂધ વગરની ચા પીવાથી મોટા ફાયદો થાય છે તે બાબત પ્રકાશમાં આવ્યા બાદ તેનાથી ફાયદો થઈ શકે છે. સ્થુળ લોકો માટે આ ખૂબ સારા સમાચાર છે જે વજન ઘટાડવા માટે ઈચ્છુક છે. જુદા જુદા અભ્યાસના તારણ કહે છે કે ચા અને કોફી બંને માનવ શરીરને કેટલીક તકલીફથી બચાવે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234


info@cyberoctet.com

www.cyberoctet.com

# અત્યાર સુધી ન ગયા હોય તો આ વેકેશનમાં જવાનું ન ચૂકતા

**આ છે ગુજરાતના Top 3 સુંદર ફરવાલાયક સ્થળો**

હાલમાં બાળકોનું વેકેશન ચાલે છે તેથી હરવા ફરવાના શોખીન રજામાં ફરવા જવાનો પ્લાન બનાવતા જ હોય છે. જો તમને પણ ફરવાનો શોખ હોય તો પણ તમારી પાસે રજાની શોર્ટેજ છે તો આજે તમને ગુજરાતના જ એવા સ્થળો વિશે જણાવીએ જે તમારા માટે બેસ્ટ છે. આ જગ્યાએ જવામાં સમય ઓછો લાગશે અને તમને પરિવાર સાથે ફરવા અને જોવા માટે ઘણું મળશે. ગુજરાતના ઘણા તીર્થધામો, શહેરો તેની વિવિધ ખાસિયતો વિશે જાણીતા છે. અહીં કુદરતી સૌંદર્યને પેટ ભરીને માણી શકાય છે. આવા સ્થળોની વાત આવે તો ગુજરાતમાં 3 એવી જગ્યાઓએ છે જ્યાં ફરવા જવું જ જોઈએ. આ જગ્યાઓએ માત્ર કુદરતની જ લીલાઓ આગળ રાચવાનું હોય, ઈશ્વરના બક્ષેલા પ્રાકૃતિક તત્વો નિહાળવાના હોય છે. ગુજરાતમાં પણ આવા સ્થળો છે કે જ્યાં તમે પ્રકૃતિને પેટ ભરીને પામી શકો. આ જગ્યાઓ વિશે વાંચીને તમે તુરંત અહીં ફરવા જવાનું પ્લાનિંગ કરી જ લેશો. ગુજરાતની આ 5 જગ્યા એવી છે જ્યાંનો પ્રવાસ જીંદગીનું યાદગાર સંભારણું બની રહે છે.




ચોમાસામાં અહીં સૌથી વધારે મજા આવે છે. અહિંના ધોધો, અહિંના ઝરણાં અને અહિં મળતી અનેક ઔષધિઓ. દિવસરાત ભટકતાં જ રહો એવો આશય ઉભો થાય ! ગિરનારની ટૂંક ઉપર ગુરૂદત્ત બીરાજે છે.તો ઉપરકોટનો કિલ્લો પણ એની ભવ્યતા માટે આકર્ષક છે. ગીરની લીલોતરી વિશે તો આગળ વાત કરી પણ હવે ગીર જેને લીધે જાણીતું બન્યું એવા ગિરનાર વિશે. ગુજરાતનું સૌથી મહત્વનું તીર્થધામ અને શ્રેષ્ઠત્તમ ઉંચાઇ ! જુનાગઢની ઉપર ગિરનાર જાણે પડછાયો બનીને ઉભો છે.




આ દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. ચોમાસામાં તો અહીં વનરાજી ખીલી ઉઠે છે. ગુજરાતનો સૌથી મોટો અયણ્ય વિસ્તાર એટલે ગીર ! વનરાજોની વસ્તી ધરાવતો અદ્ભુત અરણ્ય સંગમ.અનેક જાતના વૃક્ષો ધરાવતો અને અનેક નદી નાળાં સમેત ઝરણા ધરાવતો ભવ્ય પ્રકૃતિ મહોત્સવ ! માઈલો સુધી પથરાયેલ ગીરનું જંગલ પ્રકૃતિની પૂર્ણતા છે. અહિં આવેલ "ગીર નેશનલ પાર્ક"ની મુલાકાત ખરેખર લેવા જેવી છે. ગીરમાં આવ્યા પછી સિંહ જોવા ન મળે તો તો થઈ રહ્યું ! એ ઉપરાંત પણ અનેક પ્રાણીઓ અહિં મુક્ત રીતે વિહરે છે.પ્રકૃતિ અને પ્રાણીઓના સંગમ સ્થાન સમાન આ સ્થળની મુલાકાત લેવી સદાય અવિસ્મરણીય બની રહેશે.




જૈનોના તીર્થ ગણાતા તારંગામાં તમને ડુંગરોની વચ્ચે આવેલા આ જૈન મંદિરો જોવાનો અનેરો લ્હાવો મળશે. મહેસાણાના સતલાસણા તાલુકામાં તારંગા કે તારંગાહિલ નામે ઓળખાતી અંદાજે ૧૨૦૦ ફિટ ઉંચી આ ટેકરી આવેલી છે. મુખ્યરૂપે તો તે અરવલ્લીની પર્વતમાળાનો એક ભાગ જ છે. અહિંની પર્વતીય સુંદરતા જોવાલાયક છે.ઉપરથી માઈલો સુધી પથરાયેલ અરવલ્લીના અનેક ટેકરાઓની રમણીયતા નજરે પડે છે. અહિં જૈન મંદિરો આવેલા છે. કુમારપાળે અહિં ભગવાન અજિતનાથનું સુંદર દેરું બનાવેલું છે. અહિં ઘણા જૈન મંદિરો આવેલા છે. જૈન લોકો માટે આ સ્થળ શ્રધ્ધાનું કેન્દ્ર છે. અહિંની મુલાકાત પણ મનોહર છે.

# શું તમને પણ ઓફિસ અવર્સમાં ઊંઘ આવે છે? તો NASAનું આ રિસર્ચ છે જાણવા જેવુ



ઓફિસમાં ઝોકું ખાવુ જાણે એક રિવાજ જેવુ બની ગયુ છે. અમુક લોકો લંચ બ્રેકમાં ઝોકું ખાઈ લે છે તો અમુક કામમાંથી થોડો સમય કાઢીને ઝોકું ખાઈ લે છે. ઘણી વખત આવુ કરવુ મજાક બની જાય છે અને ઘણી વખતે બોસ તરફથી ઠપકો સાંભળવાનો ડર પણ લાગે છે. ઓફિસમાં ઝોકુ ખાવાથી તમારા પર પ્રશ્નો ઉઠવા લાગે છે. જો તમને પણ આવી કોઈ આદત હોય તો હવે ડરવાની જરૂર નથી. કેમ કે હવે ઘણી બધી કંપનીઓ પોતે જ કર્મચારીઓને ઊંઘવાનું કહી રહી છે. જે રીતે કંપનીમાં લંચ બ્રેક અને ટી બ્રેક આપવામાં આવે છે તે જ રીતે હવે ઘણી જગ્યાએ કામની વચ્ચે એક નાના પાવર નેપની સુવિધા મળશે. આનાથી કોઈ નુકસાન નહીં થાય પણ ફાયદો થશે. આનાથી પ્રોડક્ટિવિટી વધી જશે અને તમે એક બેસ્ટ કર્મચારી બની જશો.

## NASAનું રિસર્ચ

નાસાના રિસર્ચમાં એ વાત સામે આવી છે કે જો તમે 10 મિનિટથી લઈને 25 મિનિટ સુધી સૂઈ જાવ છો તો તમે વધુ એલર્ટ રહી શકો છો. આવુ કરવાથી તમારુ ફોકસ 34 ટકા વધી જાય છે. આ નાના-નાના ઝોકાંઓને કેટનેપ કહેવામાં આવે છે.

ડિસેમ્બર 2019માં નાસાની એક સ્ટડી સામે આવી જેમાં એ કહેવામાં આવ્યુ કે નેપ એટલે કે અમુક મિનિટોને લઈને 45 મિનિટ સુધી ઊંઘ લેવાના મોટા ફાયદા છે. ખાસ કરીને જ્યારે ઊંઘ બપોરે લેવામાં આવે ત્યારે આના ખૂબ ફાયદા મળે છે. સ્પેસ એજન્સીએ પાયલટ પર પ્રયોગ દરમિયાન જાણ્યુ કે ઉડાન ભર્યા પહેલા લગભગ 25 મિનિટનું પાયલટ ઝોકું લઈ લે છે તો ફ્લાઈંગ દરમિયાન તેઓ ખૂબ એલર્ટ રહે છે અને કામમાં પણ લગભગ 34 ટકા સુધી શ્રેષ્ઠ રહે છે. નાસા અનુસાર 10 મિનિટથી લઈને અડધા કલાક સુધીનો નેપ પૂરતો છે. આના કરતા લાંબા સમય સુધી સૂઈ રહેવાથી માણસ થોડા સમય સુધી સુસ્ત પડી રહે છે.

## જાપાનમાં ઝોકું ખાતા લોકોને મહેનતું માનવામાં આવે છે

સમગ્ર દુનિયાની કંપનીઓ ઝોકું લેવાની વાત કરી રહી છે પરંતુ જાપાન આમાં પહેલેથી જ નંબર વન પર છે. ત્યાં કામની વચ્ચે સૂવુ મેંડેટરી છે. જાપાનમાં કોઈ પણ ઓફિસમાં જાવ તો બપોરે ત્યાં ડેસ્ક પર સૂતેલા લોકો જોવા મળશે. આ સિવાય તમને લોકો રેસ્ટોરન્ટ, કેફે, મેટ્રોમાં પણ લોકો સૂતેલા જોવા મળશે. ઝોકાં ખાતા લોકોને ત્યાં મહેનતી માનવામાં આવે છે.

## આ ભારતીય કંપનીએ શરૂ કરી સુવિધા

એક ભારતીય સ્ટાર્ટઅપ કંપની વેકફિટ સોલ્યૂશને પણ પોતાના તમામ કર્મચારીઓને મેઈલ દ્વારા માહિતી આપી દીધી છે કે તેઓ હવે અડધો કલાક ઓફિસમાં સૂઈ શકે છે. આ માટે સત્તાવાર સમય પણ જાહેર કરી દેવાયો છે. કંપનીનું કહેવુ છે કે આવુ કરવાથી તેમના કર્મચારી સ્વસ્થ રહેશે.

# બાળકોને ખાવાનું ખવડાવતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખો

બાળકો માટે વિશેષ કાળજી ઘરમાં રાખવામાં આવતી હોય છે અને તેને પોષણ મળી રહી તે માટે યોગ્ય ખોરાક પણ તૈયાર કરવામાં આવે છે. આ બધાની વચ્ચે જો બાળકોને ખવડાવવાની રીત જ એવી હોય કે તેના લીધે બાળકનું સ્વાસ્થ્ય જોખમાય તો પહેલાં એ બાબતે ખાસ કાળજી રાખવી જોઈએ.

માં પોતાના બાળકોની ખાસ કાળજી રાખે છે અને તેને ખાવાનું પણ વ્યવસ્થિત રીતે ખવડાવાનો પ્રયત્ન કરે છે. દરેક માતા પોતાના બાળકની કાળજી રાખે જ છે પણ અમુક ટેવના લીધે બાળકો પર જોખમ વધી શકે છે.

જ્યારે માતા ગરમ ખાવાનું બાળકને ખવડાવે છે ત્યારે બાળકનું મોઢું ગરમ ખાવાથી બળી ન જાય તે માટે ફૂંક મારે છે. આ ફૂંક મારવાથી બાળકને બિમારી થઈ શકે છે કારણ કે જ્યારે માતા ફૂંક મારે છે ત્યારે તેના શરીરમાં રહેલાં બેક્ટેરિયા પણ ખોરાક સાથે ચોંટી જાય છે. ફૂંક મારવાથી

## અમુક ટેવના લીધે બાળકો પર વધી શકે છે જોખમ

વાતાવરણના બેક્ટેરિયા પણ તે ખોરાકને સ્પર્શ કરે છે અને તે બેક્ટેરિયાના લીધે બાળકને બિમારી થઈ શકે છે. આમ માતાએ આ રીતે બાળકોને જો ખવડાવવાની આદત હોય તો તે બદલવી જોઈએ જેના દ્વારા બાળકની તબિયત સારી જળવાઈ રહે. ખરેખર એક માતા પ્રેમથી પોતાના બાળકને ખવડાવવા પ્રયત્ન કરે છે પણ તેની પાછળ આ કારણ બિમારી નોતરી શકે છે તે માતાને ખબર પણ નથી હોતી. બાળકોને જો ગરમ ખાવાનું તૈયાર કરાયું હોય તો તેને પંખા નીચે ઠંડુ થવા માટે રાખી દો, ફૂંક મારવાથી ખોરાકમાં બેક્ટેરિયા પ્રવેશી શકે છે. બાળકોને ખવડાવતી વખતે જે-તે વાસણને પણ સાફ રાખવા જોઈએ કારણ કે જો આમ ન થાય તો બાળક બિમાર થઈ શકે છે.



# મહિલાઓ, સોલો ટ્રિપ પર જતા પહેલા બેઝિક સેફ્ટી ટિપ્સ કરો ફોલો, ફરવાની મજા થઇ જશે બમણી



વર્તમાન સમયમાં મહિલાઓ સશક્ત અને સ્વતંત્ર થઈ ચૂકી છે. દરેક કાર્ય તે એકલી જ કરવા ઈચ્છે છે. હરવા-ફરવા માટે પણ એકલી જ જાય છે. આ જ કારણ છે કે આજકાલ મોટાભાગની મહિલાઓ સોલો ટ્રિપ કરવાનું પસંદ કરે છે. આની ખાસિયત છેકે તમે જેમ મન ઈચ્છે તેવુ કરી શકો છો. અત્યારે ઘણી બધી મહિલાઓમાં સોલો ટ્રિપનો ક્રેઝ છે. દરમિયાન જો તમે પણ સોલો ટ્રિપ પર જવા ઈચ્છો છો તો તમને અમુક બેઝિક સેફ્ટી ટિપ્સ વિશે જાણકારી હોવી જોઈએ. જો તમે આ તમામ સારી વાતો ધ્યાનમાં રાખીને સોલો ટ્રિપ પર જશો તો ખૂબ એન્જોય કરી શકશો અને સુરક્ષિત રીતે એક્સપ્લોર કરીને પાછા પોતાના ઘરે આવી શકશો.

## સોલો ટ્રિપ માટે બેઝિક સેફ્ટી ટિપ્સ

1 જો તમે એકલા કોઈ નવા સ્થળ પર જઈ રહ્યા છો તો સૌથી પહેલા તે સ્થળ વિશે સારી રીતે જાણકારી એકત્ર કરી લો. તમે યુટ્યુબ વગેરે પર ઘણા બધા બ્લોગ પણ જોઈ શકો છો. તેનાથી અંદાજો આવી જાય છે કે તે સ્થળ કેવુ છે. આ સિવાય જો તમારા કોઈ મિત્ર કે જાણીતા લોકો ત્યાં જઈ ચૂક્યા હોય તો તેમની પાસેથી પણ જાણકારી એકત્ર કરી લો. જેમ કે ત્યાં રોકાણની વ્યવસ્થા કેવી છે. શોપિંગ મોલ ક્યાં છે. કઈ હોટલ માર્કેટથી વધુ નજીક છે વગેરે. આ સિવાય તમે સ્થાનિક કાયદા વિશે પણ સમગ્ર જાણકારી એકત્ર કરી લો.

2 સોલો ટ્રાવેલ કરી રહ્યા છો તો સેફ્ટીનું ધ્યાન દરેક સમયે રાખવુ જોઈએ. દરમિયાન તમે તમારુ લાઈવ લોકેશન પોતાના પરિવારજનો સાથે જરૂર શેર કરો. સમયાંતરે તમે પોતાની ફેમિલીને પોતાના ટ્રાવેલ સાથે જોડાયેલી જાણકારી આપતા રહો. તમે વધુ મોડી રાત સુધી કોઈ અજાણ્યા શહેરમાં ટ્રાવેલ ના કરો.

3 જ્યાં પણ ફરવા જાવ ત્યાં તમે પોતાને એકલા હોવાનું દર્શાવવાથી બચો. જો તમે એવુ નહીં કરો તો તમને કોઈ છેતરી શકે છે. લોકોની વાતોમાં આવ્યા પહેલા પોતે જ બધુ ઓનલાઈન સર્ચ કરી લો.

4 કોઈ પણ અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા લિમિટ રાખીને કરો. અજાણ્યા પર જરૂરિયાતથી વધુ વિશ્વસા કરવો યોગ્ય નથી. અજાણ્યા લોકો સાથે પોતાની વ્યક્તિગત જાણકારી શેર ના કરો. જેમને તમે જાણતા નથી તે લોકોનું આમંત્રણ પણ ના સ્વીકારો.

5 સોલો ટ્રાવેલ કરી રહ્યા હોવ તો તમે તમારા આરોગ્યનો પણ ખ્યાલ રાખો. જો તમને કોઈ પ્રકારની એલર્જી અને મુશ્કેલી છે તો તેની દવા પહેલેથી લઈ લો. પોતાની સાથે ફર્સ્ટ એડ બોક્સ જરૂર રાખો. શરદી, તાવ, માથાનો દુખાવા જેવી દવાઓ પોતાની પાસે રાખો જેથી કટોકટીની સ્થિતિમાં મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

6 સોલો ટ્રાવેલિંગ માટે સૌથી જરૂરી એ છે કે પોતાની સાથે સામાન ઓછો રાખો. શ્રેષ્ઠ એ હશે કે એક મોટી બેગ પોતાની સાથે રાખો. આ સિવાય તમે એક બેગ પેક રાખો જેમાં તમે તમારો જરૂરિયાતનો સામાન રાખી શકો. જેથી તમે આરામથી ફરી શકો.

# ઉનાળામાં જરૂર ખાવા જોઈએ તુરિયા, સ્વાસ્થ્યને મળશે આ જબરદસ્ત ફાયદા

ગુજરાત સહિત દેશભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ઠંડક માટે લોકો અલગ-અલગ નુસ્ખાઓ અજમાવતા હોય છે. આ સમયમાં કેટલાક શાકભાજી અને ફળો ખાવા ફાયદાકારક હોય છે. એમાંથી એક છે તુરિયા. તુરિયા ગુણોનો ભંડાર છે અને માત્ર 20 મિનિટમાં તેનું સ્વાદિષ્ટ શાક તૈયાર થઈ જાય છે. રોટલી અને ભાત સાથે આ શાકને ખાઈ શકાય છે. તુરિયા શરીરની ગરમીને ઓછી કરવામાં મદદ કરે છે. સાથે જ ત્વચાના રોગો દૂર કરે છે. તુરિયાના યોગ્ય ઉપયોગથી વાળ ખરતાં ઓછા થાય છે અને વજન પણ ઘટે છે. આમ, તુરિયાના અનેક ગુણો છે. એટલે જ અમે આપના માટે લાવ્યા છે તુરિયાની કઢીની નવીન રેસિપી



## તુરિયાની કઢી માટે સામગ્રી

- તુરિયા- એક કિલો
- હળદર- એક મોટી ચમચી
- તેલ- બે મોટી ચમચી
- નમક- સ્વાદાનુસાર
- ડુંગળી- 1 કપ
- કોથમીર- એક મોટી ચમચી

## તુરિયાનું શાક બનાવવાની રીત

1. સૌથી પહેલા તુરિયાની છાલ ઉતારી નાના-નાના ટુકડા કરી લો. જે બાદ ધાણાભાજી પણ સમારી લો.
2. તુરિયાને સમારી લીધા પછી એક પેન ગેસ પર રાખો અને તેને ગરમ કરો. તેમાં તેલ મુકીને સમારેલા તુરિયા નાખી દો. થોડીવાર તેને પકાવો. જે બાદ સમારેલી ડુંગળી નાંખો અને 2 થી 3 મિનિટ સુધી પકાવો.
3. હવે તમામ મસાલાઓને કડાઈમાં નાંખી દો.હવે તેમાં લાલ મરચું, હળદર અને નમક નાંખો. નરમ થવા સુધી ચડવા દો. જ્યારે શાકમાંથી તેલ નિકળવા લાગે ત્યારે ગેસ બંધ કરો અને કોથમીરથી ગાર્નિશ કરી ગરમ ગરમ પીરસો..

# ઘણા રોગોમાં પાણીપુરી ખાવાના આ છે ફાયદા....

ભારતમાં પ્રખ્યાત સ્ટ્રીટ ફુડ પાણીપુરી ખાવાનું ચલણ ખૂબ જ ફેમસ છે. ખાટી-મીઠી અને મસાલેદાર પાણીપુરી જોઈને ભલભલાના મોંમા પાણી આવી શકે છે. પાણીપુરી ખાવાથી ઘણા રોગો જડથી ખતમ કરી દે છે. આજે અમે તમને પાણીપુરી ખાવામા એટલા જોરદાર ફાયદા જણાવવા જઈ રહ્યા છીએ જેના માટે તમે કદાચ જ જાણતા હશો. પાણીપુરી ખાવાથી ફક્ત મોંનો ટેસ્ટ જ નથી બદલાતો, પણ આ હેલ્થ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તો આવો જાણીએ પાણીપુરી કેવી રીતે આપના સ્વાસ્થ્યને ફાયદાકારક સાબિત થઈ શકે છે.



## એસિડિટી ખતમ કરવામાં કારગર

જલઝીરા પાણીમાં રહેલ ઝીરો મોંમાંથી આવતી દુર્ગંધને રોકવાની સાથે પાચનમાં મદદ કરે છે. તો વળી પુદીના એન્ટીઓક્સીટડેંટ અને ફાઈટોન્યૂટ્રિએંટથી ભરપૂર હોય છે. જે ડાઈજેશનમાં હેલ્પ કરે છે. કેટલીય વાર એસિડિટીની સમસ્યા થવા પર ડોક્ટર ઠંડુ પાણી પીવાની સલાહ આપે છે, જેમ કે જલઝીરા, જલઝીરાનું પાણી પાણીપુરીને સૌથી જરુરી ભાગ હોય છે. જલઝીરા પાણીમાં રહેલું ઝીરુ, આદુ, પુદીના, સેંધા નમક, ધાણા એસિડીટીની સમસ્યાને દૂર કરે છે.

## મોટાપો ઘટાડવામાં મદદ...

પાણીપુરી મોટાપા ઘટાડવામાં મદદ કરે છે. કારણ કે તેને પ્રોટીનયુક્ત બનાવવા માટે બાફેલા ચણાનો ઉપયોગ થાય છે. તેને લઈને તેમાં કેલોરીની માત્રા ખૂબ જ ઓછી હોય છે. જો કે મોટાપામાં કારગાર સાબિત થશે. જો આપ પાણીપુરી ઘરે બનાવો છો તો સોજી અથવા આટાની જગ્યાએ હોલ વીટ આટાની મદદ લઈ શકો. સાથે જ દહીંનો ઉપયોગ કરવાનું સારુ રહેશે.

## મોંમાં પડેલા ચાંદાનો ઈલાજ

પાણીપુરી મેગ્નેશિયમ, મેંગનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝિંક અને વિટામિન બી-6, બી-12 અને ડીનો સારામાં સારો સ્ત્રોત હોય છે. એટલા માટે તેને ખાવાથી સ્વાસ્થ્યના કેટલાય લાભ થાય છે. મોની ચાંદી પડી હોય તો, પાણીપુરીના પાણીથી ફાયદો થશે. પાણીપુરીમાં ઉપયોગ થતાં જલઝીરાનું પાણી અને પુદીના આ ચાંદાની સારવાર માટે ખૂબ જ કામમાં આવશે.

## બ્લડ શુગરને કરે છે કન્ટ્રોલ

ડાયાબિટીસના દર્દીઓ સૌથી વધારે ધ્યાન પોતાના ખાવા પર આપતા હોય છે. કારણ કે ખાવામાં જરાં પણ આમ તેમ તશે તો શુગર લેવલ વધી જશે. પણ ઓછા કાર્બવાળી સામગ્રી હોવાના કારણે ડાટાબિટીસના દર્દીઓ માટે પાણીપુરી ફાયદાકારક સાબિત થઈ શકે છે. જો કે, તેની ખાવાની માત્રા શું હોવી જોઈએ. તેની ડોક્ટર્સ પાસે સલાહ લેવી જરુરી છે.

જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પરથી મોટા સમાચાર

૪ ફેબ્રુઆરીની રાત્રે પાકિસ્તાની સેનાએ આતંકવાદીઓના સમર્થનથી બટાલ સેક્ટરમાં ભારતીય સેનાની ચોકી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો

# ભારતીય સેનાએ ૭ પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓને ઠાર કર્યા । કેપ્ટન પણ ઠાર



। શ્રીનગર, તા.૭ ।

જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પરથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સૂત્રો અનુસાર, પાકિસ્તાની સેનાના લગભગ ૭ સૈનિકો અને આતંકવાદીઓ માર્યા ગયા છે. મળતી માહિતી મુજબ ૪ ફેબ્રુઆરીની રાત્રે પાકિસ્તાની સેનાએ આતંકવાદીઓના સમર્થનથી બટાલ સેક્ટરમાં ભારતીય સેનાની ચોકી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ભારતીય સેનાએ આ કૃત્યનો જડબાતોડ જવાબ આપ્યો હતો. આ કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાના ઘણા સૈનિકો માર્યા ગયા છે. તમને જણાવી દઈએ કે ક્લેમોર (ખાણ વિસ્ફોટ) વિશે જ સત્તાવાર માહિતી બહાર આવી છે. બાકીની માહિતીની હજુ પુષ્ટિ થઈ નથી.અત્યાર સુધી જે માહિતી સામે આવી છે તે મુજબ ભારતીય સૈનિકોએ ભારતીય ચોકી પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલાનો તરત જ જવાબ આપ્યો હતો. સૈનિકોએ ભીષણ ગોળીબાર કર્યો જેમાં પાકિસ્તાન તરફથી ૫ લોકો માર્યા ગયા. એક કલાક પછી, આતંકવાદીઓની સહાયક પાર્ટી તેમના લોકોના મૃતદેહોને પરત લેવા માટે આવી. આ દરમિયાન ભારતીય સેનાએ ઓચિંતો હુમલો કર્યો અને ફરી એકવાર ભારે ગોળીબાર કર્યો. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાકિસ્તાની સેના/જીજીય/આતંકવાદીઓ તરફથી ૭ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ ઓપરેશનમાં પાકિસ્તાની સેનાનો એક કેપ્ટન રેન્કનો અધિકારી પણ માર્યો ગયો હોવાના અહેવાલ છે. પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે ભારતીય સેનાના સતર્ક જવાનોએ તેને નિષ્ફળ બનાવી દીધો હતો. પહેલા તેઓ પાકિસ્તાની ક્લેમોર લેન્ડ માઈનમાં ફસાઈ ગયા અને પછી સતર્ક ભારતીય સૈનિકોએ તેઓને મારી નાખ્યા.આ સમગ્ર ઘટના બાદ પાકિસ્તાની સેનાએ પોતાની ગતિવિધિઓ વધારી દીધી છે. મળતી માહિતી મુજબ, નિયંત્રણ રેખા તરફના સમગ્ર વિસ્તારને પાકિસ્તાની સેનાએ ઘેરી લીધો છે. પાકિસ્તાની સેનાના બે બ્રિગેડિયર પોઈન્ટ તરફ ઉભા રહીને સ્થિતિ પર નજર રાખતા જોવા મળ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે હાલમાં જમ્મુના કૃષ્ણા ઘાટી વિસ્તારની સામેના બટ્ટલ વિસ્તારમાં પાકિસ્તાનની ૭ ચોકીઓ પર સફેદ ઝંડો ફરકાવવામાં આવ્યો છે.



ઉજ્જૈનમાં પંચતત્વોની ચર્ચા થશે

# ૨૨ દેશોની નદીઓના જળથી મહાકાલનો અભિષેક થશે

। ઉજ્જૈન, તા.૭ ।

ધાર્મિક નગરી ઉજ્જૈનમાં ૧૪ ફેબ્રુઆરીથી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન એક ઐતિહાસિક ઘટના બનવા જઈ રહી છે. આ ત્રણ દિવસીય સંયુક્ત ચેતના સંમેલનમાં ૨૨ દેશોના યોગ ગુરુઓ, આધ્યાત્મિક વિચારકો, શિક્ષણવિદો અને અગ્રણી નેતાઓ ભાગ લેશે. આ કાર્યક્રમ વૈશ્વિક શાંતિ અને એકતાના સંદેશને પ્રોત્સાહન આપવા માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પાંચ તત્વો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશને એક કરીને પૃથ્વીની સર્વાંગી ચેતના અને એકતાને પ્રોત્સાહન આપવાનો છે.આ દરમિયાન, બધા સહભાગીઓ બાબા મહાકાલનો અભિષેક કરવા માટે ૨૨ દેશોની નદીઓમાંથી પાણી લાવશે, જે પાણીના મહત્વ અને તેના સંરક્ષણ વિશે જાગૃતિ ફેલાવશે. આ સાથે, તેઓ ૧૦૦ ગ્રામ માટીનો ઉપયોગ કરીને એક ખાસ મોડેલ તૈયાર કરશે, જે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રજૂ કરવામાં આવશે. આ મોડેલ પૃથ્વીની એકતા અને સર્વાંગી ચેતનાનું પ્રતીક હશે.૧૪ ફેબ્રુઆરીએ સાંજે ૭ વાગ્યે પદ્મશ્રી કૈલાશ ખેર કાર્યક્રમ રજૂ કરશે. આ ખાસ સંગીત સંધ્યાનું આયોજન ઉજ્જૈનની કાલિદાસ સંસ્કૃત એકેડમી ખાતે 'એકાત્મ ચેતના અનહદ નાદ' ના નામે કરવામાં આવશે. કૈલાશ ખેરના આ સંગીતમય પ્રદર્શનથી દરેકને એકતા અને સકારાત્મક ઉર્જાથી ભરપૂર રહેવાનો સંદેશ મળશે.

## ન્યૂઝ બ્રિફ




૬૯ની ઉંમર જ એવી છે, કિસ કિસ કો પ્યાર કરું

### ઉર્ફી જાવેદે ઉદિત નારાયણના કિસિંગ વિવાદ પર ટોણો માર્યો

। મુંબઇ, તા.૭ ।

ફેમસ સિંગર ઉદિત નારાયણના કિસિંગ વિવાદ હજુ શાંત પડવાનું નામ નથી લેતો. હવે આ સમગ્ર મામલા પર ફેશન ક્વિન ઉર્ફી જાવેદનું રિએક્શન સામે આવ્યું છે. જેણે કટાક્ષભર્યા અંદાજમાં પોતાની વાત રજૂ કરી છે. તેણે કહ્યું કે, "તેમની ઉંમર જ એવી છે, આ બધું જ થાય જ. આપને જણાવી દઈએ કે, હાલમાં જ ઉદિત નારાયણના અમુક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં તે મહિલા ચાહકોને કિસ કરતા દેખાય છે. જે બાદ તેમને સોશિયલ મીડિયા પર ખરાબ ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો.હવે વાતચીત દરમ્યાન ઉર્ફી જાવેદે આ વિવાદ પર રિએક્ટ કર્યું છે. તેને પૂછવામાં આવ્યું કે, આજકાલ એક હોબાળો ચાલી રહ્યો છે કે ઉદિત નારાયણે ફીમેલ ફેનને કિસ કરી લીધી. તો તેમને ટ્રોલ કરવામાં આવ્યા તો ઉર્ફીએ તરત ગાવાનું શરૂ કરી દીધું, "કિસ કિસ કો પ્યાર કરું મેંપ" ઉદિત નારાયણના કિસિંગ કાંડ પર ઉર્ફી જાવેદે કહ્યું કે, "કિસ કિસ કો પ્યાર કરુ મેંપહાલમાં એમની ઉંમર એવી છે, તેઓ હવે ૬૯ વર્ષના થઈ ગયા છે. આ ઉંમરમાં આવું બધું થાય છે. પાપા કહતે હૈપપાપા હી બડા નામ કરેગેં."

નોરા ફતેહી ઘણીવાર સોશિયલ મીડિયા પર ચર્ચામાં

### નોરા ફતેહીએ દુબઈમાં ખાસ રીતે ઉજવ્યો જન્મદિવસ, ગ્લેમરનો સ્પર્શ ઉમેર્યો

। મુંબઇ, તા.૭ ।

બોલિવૂડની પ્રખ્યાત ડાન્સર અને અભિનેત્રી નોરા ફતેહી ઘણીવાર સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહે છે. આ અભિનેત્રીએ પોતાના ડાન્સ અને સ્ટાઈલથી બોલિવૂડમાં પોતાની એક ખાસ ઓળખ બનાવી છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકો સાથે કેટલીક ખાસ તસવીરો અને વીડિયો શેર કર્યા છે જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે.અભિનેત્રીએ ૬ ફેબ્રુઆરીના રોજ પોતાનો ૩૧મો જન્મદિવસ ખૂબ જ ખાસ રીતે ઉજવ્યો. અભિનેત્રીએ દુબઈમાં તેના મિત્રો સાથે ખૂબ જ ધામધૂમથી પોતાનો જન્મદિવસ ઉજવ્યો, જેના વીડિયો અને તસવીરો અભિનેત્રીએ તેના ચાહકો સાથે શેર કરી છે. વીડિયોમાં, અભિનેત્રી ગીતો પર ડાન્સ કરતી જોવા મળે છે, જેમાં તેના અદ્ભુત ડાન્સ મૂવ્સ જોઈ શકાય છે. તસવીરોમાં અભિનેત્રી કાળા રંગના પોશાકમાં ખૂબ જ ગ્લેમરસ લાગી રહી છે. આ ફોટામાં તે શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે. નોરાના ચાહકો આ તસવીરો પર પ્રેમ વરસાવી રહ્યા છે અને તેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. તસવીરોમાં, અભિનેત્રીએ કાળા રંગનો જાંઘનો ઊંચો સ્લિટ બેલિકોન ગાઉન પહેર્યો છે, જેની સાથે તેણે કાનની બુટ્ટીઓ અને એક સરળ વીંટી સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો છે. ફોટામાં, અભિનેત્રીએ તેના લુક સાથે વાળ ખુલ્લા રાખ્યા છે, જેમાં અભિનેત્રી વધુ સુંદર દેખાઈ રહી છે.

### સલમાને મમતા કુલકણી મોઢા પર દરવાજો બંધ કરી દીધો હતો



। મુંબઇ, તા.૭ ।

૯૦ના દશકની અભિનેત્રી મમતા કુલકર્ણી હાલ એક પછી એક ધડાકા કરી રહી છે. અભિનેત્રી હાલમાં એક ખાનગી ચેનલના શોમાં આવી હતી. તે દરમિયાન અભિનેત્રીએ સલમાન ખાન અને શાહરૂખ ખાનને લઈને એવી એવી વાતો જણાવી છે કે તેમનું નિવેદન ક્ષણભરમાં જબરદસ્ત વાઈરલ થઈ રહ્યું છે. તેમાં અભિનેત્રીએ જણાવ્યું કે કેવી રીતે સલમાને તેમના મોઢા પર દરવાજો બંધ કરી દીધો હતો.મમતા કુલકર્ણીએ ૧૯૯૫માં આવેલી ફિલ્મ કરણ અર્જુનના શૂટિંગ દરમિયાનનો એક કિસ્સો વર્ણવ્યો છે. અભિનેત્રીએ કહ્યું કે ચિન્ની પ્રકાશ આ ફિલ્મને કોરિયોગ્રાફર હતા. શાહરૂખ અને સલમાન બન્ને શૂટ પર ગયા હતા. હું એકલી બેઠી હતી. લગભગ અડધો કલાક બાદ ચિન્ની પ્રકાશના આસિસ્ટન્ટે દરવાજો નોક કર્યો. મેં પુછ્યું શું થયું તો તેમણે કહ્યું કે માસ્ટરજીએ તમને બોલાવ્યા છે.હું ઉપર ગઈ, જ્યાં સીડીઓ હતી. જ્યારે હું સીડીઓ ચઢી રહી હતી ત્યારે સલમાન અને શાહરૂખ મારી પાસેથી પસાર થયા.

બાળકોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલુ

# નાઇજીરીયામાં ઇસ્લામિક સ્કૂલમાં ભીષણ આગ । આશરે ૧૭ બાળકો જીવતા ભુંજાયા

વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે । કહેવામાં આવી રહ્યું છે કે શાળાની અંદર લાકડાનો ઢગલો હતો. કોઈ અજાણ્યા વ્યક્તિએ તેને આગ લગાવી દીધી



। ઝામફારા, તા.૭ ।

ઉત્તરપશ્ચિમ નાઈજીરીયામાં એક ઈસ્લામિક શાળામાં આગ લાગવાથી ૧૭ વિદ્યાર્થીઓના મોત થયા છે. ઘણા વિદ્યાર્થીઓને ગંભીર રીતે દાઝી જવાની ઈજાઓ થઈ છે. અધિકારીઓ આગ લાગવાના કારણની તપાસ કરી રહ્યા છે. દેશની ઈમરજન્સી રિસ્પોન્સ એજન્સીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે. એજન્સીએ જણાવ્યું હતું કે ઝામફારા રાજ્યના કૌરા નમોદા જિલ્લામાં ભીષણ આગ લાગી હતી. આ સમય દરમિયાન શાળામાં ૧૦૦ બાળકો હાજર હતા. ૧૭ બાળકો ગંભીર રીતે દાઝી ગયા છે. તેમની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. આગ લાગવાનું કારણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી.

કહેવામાં આવી રહ્યું છે કે શાળાની અંદર લાકડાનો ઢગલો હતો. કોઈ અજાણ્યા વ્યક્તિએ તેને આગ લગાવી દીધી. નાઈજીરીયાના રાષ્ટ્રપતિ બોલા ટીનુબુએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે. અકસ્માત બાદ દેશભરની શાળાઓને બાળકોની સુરક્ષા માટે વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે. નાઈજીરીયાની શાળાઓમાં અગાઉ પણ આવી જ ઘટનાઓ બની છે.

અગાઉની ઘટનાઓ માટે સરકાર દ્વારા શાળાઓ અને વિદ્યાર્થીઓની સલામતી સુધારવા માટે ૨૦૧૪ માં શરૂ કરાયેલ કીપિંગ સ્કૂલ્સ સેફ પહેલ હેઠળ ભલામણોનો અમલ કરવામાં નિષ્ફળતાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ટીનુબુએ અધિકારીઓને નિર્દેશનું પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. ગયા મહિને, નાઈજીરીયાની રાજધાની અબુજાની બહાર એક શાળામાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા હતા અને બે લોકો ઘાયલ થયા હતા. આ વર્ષે જાન્યુઆરીમાં, નાઈજીરીયાના ઉત્તર મધ્ય ભાગમાં એક પેટ્રોલ ટેન્કર વિસ્ફોટ થયો હતો, જેમાં ૭૦ લોકો માર્યા ગયા હતા. આ વિસ્ફોટ નાઈજર પ્રાંતના સુલેજા વિસ્તાર નજીક થયો હતો. કેટલાક લોકો જનરેટરનો ઉપયોગ કરીને એક ટેન્કરમાંથી બીજા ટ્રકમાં પેટ્રોલ ટ્રાન્સફર કરી રહ્યા હતા ત્યારે અચાનક વિસ્ફોટ થયો.

"ગેરકાયદેસર અને પાયાવિહોણી"

# અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે આઇસીસી પર પ્રતિબંધ મૂક્યો

ટ્રમ્પનું આ પગલું આઇસીસી દ્વારા ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યા બાદ લેવામાં આવ્યું

। વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પર પ્રતિબંધો લાદવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પનું આ પગલું આઈસીસી દ્વારા ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યા બાદ લેવામાં આવ્યું છે. ટ્રમ્પે આ કાર્યવાહીને "ગેરકાયદેસર અને પાયાવિહોણી" ગણાવી અને આઈસીસી પર તેની સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો છે.ડોનાલ્ડ ટ્રમ્પના આદેશમાં કહેવામાં આવ્યું છે કે આઈસીસી અફઘાનિસ્તાનમાં અમેરિકન સૈનિકો અને ગાઝામાં ઈઝરાયલી સૈનિકો દ્વારા કથિત યુદ્ધ ગુનાઓની તપાસ કરી રહ્યું છે.' ટ્રમ્પે તેને અમેરિકા અને તેના નજીકના સાથી ઈઝરાયલને નિશાન બનાવતી ગેરકાયદેસર કાર્યવાહી ગણાવી. આ આદેશમાં આઈસીસી અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારો સામે સંપત્તિ જપ્ત કરવા અને મુસાફરી પ્રતિબંધનો નિર્દેશ આપવામાં આવ્યો છે.આ અઠવાડિયે, નેતન્યાહૂ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પને મળ્યા, જ્યાં તેમણે ગાઝા પર યુએસ "કબજો" લાદવાની અને પેલેસ્ટિનિયનોને અન્ય મધ્યપૂર્વીય દેશોમાં સ્થળાંતર કરવાની તેમની યોજનાનું અનાવરણ કર્યું. ઈઝરાયલ પ્રત્યે ટ્રમ્પનો ટેકો વ્યક્ત કરવા માટે નેતન્યાહૂની વ્હાઈટ હાઉસની મુલાકાત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.આઈસીસીએ ૨૧ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, તેમના ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ અને હમાસના લશ્કરી વડા મોહમ્મદ દેઈફ સામે ધરપકડ વોરંટ જારી કર્યું. આ વોરંટ તેમના પર "માનવતા વિરુદ્ધના ગુનાઓ" અને "યુદ્ધ અપરાધો"નો આરોપ મૂકે છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે મોહમ્મદ દેઈફ મૃત્યુ પામ્યો છે. ટ્રમ્પનો આ નિર્ણય આંતરરાષ્ટ્રીય રાજકારણમાં એક મોટો સંકેત છે અને તેનાથી અમેરિકા અને ઈઝરાયલના આઈસીસી સાથેના સંબંધોમાં તણાવ વધુ વધી શકે છે.

### ગ્રીસના રિસોર્ટ ટાપુ સેન્ટોરિની ભૂકંપથી હચમચી ગયું । કટોકટી લાદવામાં આવી

। એથેન્સ, તા.૭ ।

ગ્રીસના રિસોર્ટ ટાપુ સેન્ટોરિની ભૂકંપથી હચમચી ગયું છે. પરિસ્થિતિ એવી બની ગઈ કે સરકારે ત્યાં કટોકટી જાહેર કરવી પડી. છેલ્લા અઠવાડિયામાં આ રિસોર્ટ ટાપુ પર સેંકડો ભૂકંપ આવ્યા છે. ભૂકંપના આંચકાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ગ્રીક સરકારે ૫.૨ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ અનુભવાયા બાદ કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. નાગરિક સંરક્ષણ મંત્રાલયની આ જાહેરાતથી અધિકારીઓને રાજ્યના સંસાધનોની ઝડપી પહોંચ મળશે.૩૧ જાન્યુઆરીથી, ગ્રીક ટાપુ સેન્ટોરિની ભૂકંપથી ત્રાટક્યું છે. ભૂકંપની ગતિવિધિઓ દિવસેને દિવસે વધતી ગઈ. આ પછી, બુધવારે મોડી રાત્રે અહીં ૫.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. સતત ભૂકંપની ગતિવિધિઓને કારણે લોકો ચિંતિત બન્યા. આખરે સરકારે કટોકટી જાહેર કરી. સરકારના પ્રવક્તા પાવલોસ મરીનાકિસે પુષ્ટિ આપી કે ટાપુને મદદ કરવા માટે ઘણી કટોકટી સેવાઓ પહેલેથી જ કાર્યરત કરવામાં આવી છે.તેમણે કહ્યું કે ફાયર વિભાગ, પોલીસ, કોસ્ટ ગાર્ડ, સશસ્ત્ર દળો અને કટોકટી તબીબી સેવાઓએ તાત્કાલિક વધારાના કર્મચારીઓ અને વિશેષ સાધનો સાથે સેન્ટોરિની અને આસપાસના ટાપુઓ પર પ્રતિક્રિયા આપી. ઓછા નુકસાન છતાં, ભૂકંપને કારણે લોકો ટાપુ છોડીને ભાગી રહ્યા છે.

### શાહબાઝ શરીફ અને તેમના પુત્ર હમઝાને રાહત મળી, ભ્રષ્ટાચાર કેસમાંથી મુક્તિ

। લાહોર, તા.૭ ।

પાકિસ્તાનની એક કોર્ટે ગુરુવારે વડા પ્રધાન શાહબાઝ શરીફ અને તેમના પુત્ર હમઝા શાહબાઝને આઠ વર્ષ જૂના ભ્રષ્ટાચારના કેસમાંથી મુક્ત કર્યા. ફરિયાદીએ કેસમાંથી પોતાને અલગ કર્યા બાદ કોર્ટે આ ચુકાદો આપ્યો. ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટના ન્યાયાધીશ સરદાર મોહમ્મદ ઈકબાલે ચુકાદો સંભળાવ્યો, જે સોમવારે અનામત રાખવામાં આવ્યો હતો."લાહોરની ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટે રમઝાન સુગર મિલ્સ ભ્રષ્ટાચાર કેસમાં ફરિયાદીએ પોતાને કેસમાંથી અલગ કર્યા બાદ વડા પ્રધાન શાહબાઝ શરીફ અને તેમના પુત્ર અને પંજાબના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હમઝા શાહબાઝને નિર્દોષ જાહેર કર્યા," કોર્ટના એક અધિકારીએ જણાવ્યું. ફરિયાદી ઝુલ્ફીકાર અલીએ ન્યાયાધીશને જણાવ્યું કે તેમણે શરીફ વિરુદ્ધ કોઈ ફરિયાદ દાખલ કરી નથી.

દેશમાં ૧૪ કરોડથી વધુ | તપાસ દરમિયાન, ૫૭,૧૮૪ મહિલાઓમાં આ રોગ જોવા મળ્યો હતો, જેમાંથી ૫૦,૬૧૨ મહિલાઓ સારવાર હેઠળ

# મહિલાઓનું સ્તન કેન્સર માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું : જેપી નડ્ડા



। નવીદિલ્હી, તા.૭ ।

લોકસભામાં પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે દેશમાં ૧૪ કરોડથી વધુ મહિલાઓનું સ્તન કેન્સર માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. તપાસ દરમિયાન, ૫૭,૧૮૪ મહિલાઓમાં આ રોગ જોવા મળ્યો હતો, જેમાંથી ૫૦,૬૧૨ મહિલાઓ સારવાર હેઠળ છે. રાષ્ટ્રીય એનસીડી પોર્ટલના ડેટાને ટાંકીને, આરોગ્ય મંત્રીએ એમ પણ કહ્યું કે દેશમાં નવ કરોડથી વધુ મહિલાઓનું સર્વાઈકલ કેન્સર માટે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. તેમાંથી ૯૬,૭૪૭ મહિલાઓમાં આ રોગનું નિદાન થયું હતું અને ૮૬,૧૯૬ મહિલાઓ સારવાર હેઠળ છે.

સરકારે ૨૦૧૮ માં બિન-ચેપી રોગોની શોધ અને વ્યવસ્થાપન અને દર્દીઓની સંભાળ ચાલુ રાખવા માટે રાષ્ટ્રીય દ્વઝ્ઢ પોર્ટલ શરૂ કર્યું હતું. એનસીડી રોગોમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, મોઢાનું કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર જેવા રોગોનો સમાવેશ થાય છે. આ પોર્ટલનો ઉદ્દેશ્ય માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા, માનવ સંસાધન વિકાસ, આરોગ્ય પ્રમોશન, વહેલા નિદાન, વ્યવસ્થાપન અને યોગ્ય સ્તરની આરોગ્ય સુવિધાઓને રેફરલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો. આ કાર્યક્રમ હેઠળ, દેશભરમાં ૭૭૦ જિલ્લા એનસીડી ક્લિનિક્સ, ૨૩૩ કાર્ડિયાક કેર યુનિટ (સીસીયુ), ૩૭૨ જિલ્લા ડે કેર સેન્ટર અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૬૪૧૦ એનસીડી ક્લિનિક્સ સ્થાપિત કરવામાં આવ્યા છે.

મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી સાવિત્રી ઠાકુરે શુક્રવારે લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, દેશભરમાં ૨,૪૫૦ બાળ સંભાળ સંસ્થાઓ છે અને તેમાંથી ૧૯૯ સંસ્થાઓ ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોની સંભાળ પૂરી પાડે છે. તેમણે કહ્યું કે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે કોઈ સંસ્થા નથી. ઠાકુરે જણાવ્યું હતું કે મિશન વાત્સલ્ય હેઠળ દેશભરમાં બાળ સંભાળ સંસ્થાઓ અને વિશેષ જરૂરિયાતો સંભાળ કેન્દ્રો કાર્યરત છે. મિશન વાત્સલ્યની માર્ગદર્શિકા મુજબ, ૫૦ બાળકોની ક્ષમતા ધરાવતો ઝઝૈં, ખાસ જરૂરિયાતો ધરાવતા ૧૦ બાળકો માટે એક ખાસ યુનિટ ધરાવી શકે છે. તેવી જ રીતે, ૨૫ બાળકોની ક્ષમતા ધરાવતા સીસીઆઈમાં પાંચ બાળકો માટે એક ખાસ યુનિટ હોઈ શકે છે. મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, ગોવા, ગુજરાત અને ઓડિશા એવા ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સામેલ છે

નાઇજીરીયામાં બુર્કિના ફાસોની સરહદ પર હુમલો

"ઓપરેશન દરમિયાન, ગુનેગારોના એક જૂથે સુરક્ષા દળો પર હુમલો કર્યો જેમાં અમારા ૧૦ સૈનિકો માર્યા ગયા," નિવેદનમાં કહેવામાં આવ્યું છે

# ૧૦ સૈનિકો માર્યા ગયા, બદલામાં સેનાએ પંદર જેટલા આતંકવાદીઓને ઠાર માર્યા



। સેનેગલ, તા.૭ ।

પશ્ચિમ નાઈજીરીયામાં બુર્કિના ફાસોની સરહદ પર પશુ તસ્કરો સામે કાર્યવાહી કરવા માટે મોકલવામાં આવેલી લશ્કરી ટુકડી પર સશસ્ત્ર હુમલાખોરોએ હુમલો કર્યો. સશસ્ત્ર હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ સૈનિકો માર્યા ગયા. નાઈજીરીયાની લશ્કરી સરકારે આ હુમલાની માહિતી આપી છે.સેનાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે તકઝત ગામમાં પશુ તસ્કરોને પકડવા માટે સેનાની ટુકડી તૈનાત કરવામાં આવી હતી. "ઓપરેશન દરમિયાન, ગુનેગારોના એક જૂથે સુરક્ષા દળો પર હુમલો કર્યો જેમાં અમારા ૧૦ સૈનિકો માર્યા ગયા," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. હુમલાખોરો ભાગી ગયા હતા પરંતુ સેનાએ મંગળવારે ૧૫ આતંકવાદીઓને પકડીને મારી નાખ્યા, એમ નિવેદનમાં જણાવાયું છે.નાઈજીરીયા અને પડોશી બુર્કિના ફાસો અને માલી એક દાયકા કરતાં વધુ સમયથી જેહાદી જૂથો દ્વારા કરવામાં આવેલા બળવા સામે લડી રહ્યા છે. કેટલાક જૂથો આતંકવાદી સંગઠનો અલ-કાયદા અને ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા છે. ત્રણેય દેશોમાં લશ્કરી સરકારો છે અને તેમણે સુરક્ષા માટે જવાબદાર ફ્રેન્ચ સૈનિકોને પાછા મોકલી દીધા છે. ત્રણેય દેશોએ એક નવું સુરક્ષા જોડાણ સ્થાપિત કરીને પરસ્પર સહયોગને મજબૂત બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે. પશ્ચિમ નાઈજીરીયામાં બુર્કિના ફાસોની સરહદ પર પશુ તસ્કરો સામે કાર્યવાહી કરવા માટે મોકલવામાં આવેલી લશ્કરી ટુકડી પર સશસ્ત્ર હુમલાખોરોએ હુમલો કર્યો. સશસ્ત્ર હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ સૈનિકો માર્યા ગયા. નાઈજીરીયાની લશ્કરી સરકારે આ હુમલાની માહિતી આપી છે.સેનાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે તકઝત ગામમાં પશુ તસ્કરોને પકડવા માટે સેનાની ટુકડી તૈનાત કરવામાં આવી હતી. "ઓપરેશન દરમિયાન, ગુનેગારોના એક જૂથે સુરક્ષા દળો પર હુમલો કર્યો જેમાં અમારા ૧૦ સૈનિકો માર્યા ગયા," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. હુમલાખોરો ભાગી ગયા હતા પરંતુ સેનાએ મંગળવારે ૧૫ આતંકવાદીઓને પકડીને મારી નાખ્યા, એમ નિવેદનમાં જણાવાયું છે.

યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે

# ૪૭ લાખથી વધુ યાત્રાળુઓએ ઉડનખટોલાનો આંનદ માણ્યો

**જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનો એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનો પ્રવેશદ્વાર**



। અમદાવાદ,તા.૭ ।

દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા આકષર્ણનું કેન્દ્ર રહ્યું છે. રાજ્યમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી ખાતે પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ સલામત રીતે ઉડનખટોલાનો આંનદ માણ્યો છે, જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન, પ ાવાગઢમાં ૨૪.૪૭ લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં ૭.૫૭ લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો ૧૫.૫૯ લાખથી વધુ એમ કુલ ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. જે ગુજરાતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની લોકપ્રિયતા દર્શાવે છે. આ યાત્રાળુઓના આગમનથી આ વિસ્તારના યુવાઓને સારા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઇ રહી છે. ગુજરાતના ઐતિહાસિક શહેર જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનો એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનો પ્રવેશદ્વાર છે. ૨.૩ કિલોમીટર લાંબો આ રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે ગિરનાર પર્વતોની જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા પવિત્ર માં અંબાજીના મંદિર સાથે જોડે છે.આ ચાર વર્ષ દરમિયાન ૩૦ લાખથી વધુ મુલાકાતીઓએ રોપ-વેની આ સેવાનો આનંદ માણી સલામત, અનુકૂળ અને અવિસ્મરણીય મુસાફરીનો અનુભવ કર્યો છે. રોપ-વેના ૩૧ આધુનિક કેબિન પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે.

## મહેસાણામાં દીકરી જન્મતા પતિએ પત્નીને ત્રણ તલાક આપી દીધા

। મહેસાણા, તા.૭ ।

મહેસાણામાં ત્રણ તલાકની ઘટના સામે આવી છે. મહેસાણામાં દીકરી જન્મતા પરિણીતાને ત્રણ તલાક આપ્યા હોવાની ઘટના સામે આવી છે. દીકરાને બદલે દીકરી જન્મતા પતિએ છૂટાછેડા આપ્યા છે. મહેસાણાના શોભાસણ રોડ પર રહેલી પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.૨૦૦૭માં લગ્ન બાદ દીકરીનો જન્મ થયો હતો. છેલ્લા ૪ વર્ષથી પતિ સહિત સાસરિયાના હેરાન કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પતિ, સસરા, સાસુ, નણંદ અને મામી સાસુ સામે પરિણીતાએ ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ નોંધાઈ

# શહેરના વેપારીને વિશ્વાસમાં લઈ ૫ વેપારીઓએ લગભગ ૪.૪૯ કરોડ રૂપિયાનો ચૂનો લગાવ્યો

**૯ નવ વર્ષ અગાઉ તેલંગણા અને કર્ણાટકના વેપારીઓએ ફોન વડે સંપર્ક કરી તાડપત્રીનો ઓર્ડર લીધો હતો**

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ શહેરના શિલજ વિસ્તાર નજીક કલ્હાર બંગલોમાં રહેતા વેપારી સાથે ૫ ઉદ્યોગપતિઓએ ૪ કરોડથી વધુની છેતરપિંડી કર્યાનું સામે આવતા ચકચાર ંમચી જવા પામી છે.



અમદાવાદના શિલજમાં રહેતા વેપ ારી પ્લાસ્ટિકની તાડપત્રીનો વ્યવસાય કરે છે. ૯ નવ વર્ષ અગાઉ તેલંગણા અને કર્ણાટકના વેપારીઓએ ફોન વડે સંપર્ક કરી તાડપત્રીનો ઓર્ડર લીધો હતો. બાદમાં વિશ્વાસ જીતવા માટે થોડા વર્ષો માટે પૈસા ચૂકવ્યા હતા. જોકે, મોટી માત્રામાં તાડપત્રી મળ્યા પછી ઉદ્યોગપતિઓએ પૈસા ચૂકવ્યા ન હતા રૂપિયા ૪.૪૯ કરોડની ઠગાઈ કરી હતી.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન, રાજેશ સિંહે ઋષભ ભાઈને ફોન કરીને પોતાને તેલંગાણા રાજ્યની મેસર્સ આઈકોન એસોસિએટ્સ કંપનીના ભાગીદાર તરીકે ઓળખાવ્યા હતા અને પ્લાસ્ટિક તાડપત્રી ખરીદવાની વાત કરી હતી. ઉદ્યોગપતિએ કહ્યું કે તેમની પાસે વિવિધ રાજ્યોમાં પાંચ કંપનીઓ છે. આ પછી ઋષભ ભાઈ અને રાજેશ સિંહ વચ્ચે ધંધો શરૂ થયો હતો. રાજેશ સિંહે ૨૦૧૭ સુધી ખરીદેલા તમામ માલસામાન માટે સમયસર ચૂકવણી કરી હતી. મે, ૨૦૧૮થી કુલ ૪.૪૯ કરોડ રૂપિયાનો માલ ખરીદ્યો હતો. પ રંતુ અહીંથી વેપારીની સાથે છેતરપિંડી કરવાની શરૂઆત થઈ.વેપારી જ્યારે પણ રાજેશ ભાઈ પાસે પૈસા માંગતા, ત્યારે તેઓ દરરોજ જુદા જુદા બહાના બનાવતા. આ રીતે, રાજેશ ભાઈએ વર્ષ ૨૦૨૩ સુધી પૈસા ચૂકવ્યા ન હતા અને ગુજરાત હાઈકોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. જ્યારે રાજેશ ભાઈએ તપાસ કરી, ત્યારે તેમને જાણવા મળ્યું કે ઋષભ ભાઈ, પ્રવીણ કુમાર અને અન્ય ૫ લોકો જુદી જુદી કંપનીઓમાં ભાગીદાર હતા. તેમની સામે પશ્ચિમ બંગાળ અને અમદાવાદના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ નોંધાઈ ચૂકી છે. અમદાવાદ શહેરના શિલજ વિસ્તાર નજીક કલ્હાર બંગલોમાં રહેતા વેપારી સાથે ૫ ઉદ્યોગપતિઓએ ૪ કરોડથી વધુની છેતરપિંડી કર્યાનું સામે આવતા ચકચાર ંમચી જવા પામી છે.અમદાવાદના શિલજમાં રહેતા વેપારી પ્લાસ્ટિકની તાડપત્રીનો વ્યવસાય કરે છે. ૯ નવ વર્ષ અગાઉ તેલંગણા અને કર્ણાટકના વેપારીઓએ ફોન વડે સંપર્ક કરી તાડપત્રીનો ઓર્ડર લીધો હતો.


# અમદાવાદમાં અંદાજે ૪૨.૧૨ લાખ રૂપિયાના બિનહિસાબી પાન મસાલાના પાઉચ પકડાયા

**રાજ્યનું જીએસટી વિભાગ છેલ્લા કેટલાક સમયથી બિનહિસાબી વ્યવહારો પર બાજ નજર**

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યનું જીએસટી વિભાગ છેલ્લા કેટલાક સમયથી બિનહિસાબી વ્યવહારો પર બાજ નજર રાખી રહ્યું છે અને ખાસ કરીને આવા બિનહિસાબી વ્યવહારો કરનાર અને કરચોરી કરી રાજ્યની તિજોરી પર નુકસાન પહોંચાડનાર તમામ તત્વો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સ્ટેટ જીએસટી વિભાગે પાન મસાલામાં બિનહિસાબી હેરાફેરી પકડી પાડી છે. પાન મસાલાના અને તમાકુના અંદાજે ૪૨.૧૨ લાખ બિનહિસાબી પ ાઉચ મળી આવ્યા છે. કેવી રીતે આ બિનહિસાબી વ્યવહારોનો ધંધો ચાલી રહ્યો છે તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી રહી છે.રાજ્યના સ્ટેટ જીએસટી વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગત ચાર ફેબ્રુઆરીના રોજ સંવેદનશીલ ચીજવસ્તુઓમાં ઈનવોઈસ વિના, ખામીયુક્ત ઈનવોઈસ કે યોગ્ય દસ્તાવેજો વિના માલની હેરાફેરી કરવામાં આવતી હોવાનું ધ્યાને આવ્યું છે. આવી બિનહિસાબી હેરાફેરી થકી કરોડો રૂપિ યાની કરચોરી કરવામાં આવતું હોવાનું પણ જીએસટી વિભાગને ધ્યાને આવ્યું જેના પગલે કરચોરી રોકવાની કાર્યવાહીના ભાગરૂપે અમદાવાદ જિલ્લામાં પાન મસાલા અને તમાકુના પાઉચ લઈ જતા ૬ વાહનોને અટકાવ્યા હતા. ચોક્કસ બાતમીના આધારે માલ તેમજ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવતા પાન મસાલા અને તમાકુના કુલ ૪૨.૧૨ લાખ બિનહિસાબી પાઉચ મળી આવ્યા હતા.




ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં
ન્યૂઝ મીડિયા ક્ષેત્રે
કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125




વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in










**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya